RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 287* Date: 13.08.2022, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# કૃષિ અને દેશના વિકાસ માટે સહકારી ક્ષેત્રનો વ્યાપ વધારવો જરૂરી :અમિત શાહ

**પેક્સ આપણી કૃષિ ધિરાણ માટે સહકારીતાની આત્મા છે. જો પેક્સ મજબૂત નહી હોય ત્યા સુધી ધિરાણ વ્યવસ્થા સારી નહી હોય**



નવીદિલ્હી,તા.૧૨

ગ્રામીણ ભારતને દેશના અર્થતંત્ર સાથે જોડવામાં ગ્રામીણ સહકારી બેંકોએ મહત્વની ભૂમિકા ભજવી છે. 'ગ્રામીણ સહકારી બેંકોની રાષ્ટ્રીય પરિષદ'ને સંબોધિત કરતા કેન્દ્રના સહકાર અને ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું કે, ભારતમાં કૃષિ અને દેશના વિકાસ માટે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ થકી ૧૦ લાખ કરોડના ધિરાણનો લક્ષ્યાંક રાખવો જરૂરી છે. આના માટે જ્યા હજુ પેક્સ અસ્તિત્વમાં નથી ત્યા પેક્સ રચવા અને જ્યા છે ત્યાં વધુ મજબૂત કરવી જરૂરી છે. પેક્સ થકી દેશમાં ૧૦ લાખ કરોડનું ધિરાણનો લક્ષ્યાંક સેવવો જોઈએ. પેક્સને મજબૂત કરવા અને જ્યા નથી ત્યાં રચવા માટે જિલ્લા અને રાજ્ય સહકારી બેંકોએ સહકારી આંદોલન કરવું પડશે તેમ અમિત શાહે જણાવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહે કહ્યું કે, સહકારીતાના માધ્યમથી કૃષિ અને દેશનો વિકાસ કરી શકાય છે. ૧૨૦ વર્ષ જૂના સહકારીક્ષેત્રની બહુ મોટી ઉપલબ્ધિઓ છે. પરંતુ તેની સાથેસાથે કેટલુક ગુમાવ્યું પણ છે. કેટલાક રાજ્યોમાં સહકારીતા સંઘર્ષના સ્તરે છે તો કેટલાક રાજ્યોમાં સહકારીતા માત્ર પુસ્તકોમાં જ રહ્યું છે.

સહકારીતાનો વ્યાપ વધારવા માટે અલગ રણનીતિ કરવી પડશે. ભારત સરકારે મોટો નિર્ણય કરીને કૃષિ વિભાગથી અલગ સહકારીતા વિભાગ રચ્યો છે. રાજ્યોને સાથે લઈને કેન્દ્રના સહકારીતા વિભાગ ઘણુ કરશે. કૃષિ ક્ષેત્રે ધિરાણ કરવા માટે સહકારી ક્ષેત્ર બહુ મહત્વનું માધ્યમ છે. કૃષિ ધિરાણ વધારવાની જરૂર હોવા પર ભાર મૂક્યો હતો. દરેક ક્ષેત્રે સહકારીતા પહોચે તે જરૂરી છે. સહકારીતા આંદોલનને વધારવા માટે મોદીના સમયગાળા કરતા બીજો કોઈ સારો અવસર નહી હોય તેમ જણાવીને અમિત શાહે કહ્યું કે, ૮ લાખ સહકારી સંસ્થાઓ છે. ક્રેડીટ સોસાયટી ૧.૭૮ લાખ છે. એગ્રીકલ્ચર ક્ષેત્રે ધિરાણ કરવા માટે ૩૪ રાજ્ય સહકારી બેંક છે. જેની ૨૦૦૦થી વધુ શાખાઓ આવેલી છે. તો ૩૫૧ જિલ્લા સહકારી બેંકો આવેલી છે. જેની ૧૪૦૦૦ શાખાઓ છે. બે બાબતો ઉપર ભાર મૂકવા માંગીશ તેમ કહીને અમિત શાહે કહ્યું કે. પેક્સ આપણી કૃષિ ધિરાણ માટે સહકારીતાની આત્મા છે. જો પેક્સ મજબૂત નહી હોય ત્યા સુધી ધિરાણ વ્યવસ્થા સારી નહી હોય. આથી પેક્સને મજબૂત કરવા સાથે વ્યાપ વધારવો જરૂરી છે. હાલમાં દેશમાં ૩ લાખ પંચાયત છે. સારી રીતે ચાલતા પેક્સ ૬૫ હજાર છે. કુલ ૯૫ હજાર છે. જો તેને ઠીક કરી દેવાય તો દોઢ લાખ પંચાયતોમાં પેક્સ નથી. દરેક પંચાયતને આવરી લઈને પાંચ વર્ષના પેક્સ તૈયાર કરવી જોઈએ. રણનીતિ ઘડવી જોઈએ. સ્ટેટ કો ઓપરેટીવ બેંકે તેનુ સતત દેખરેખ રાખવી જોઈએ.

પેક્સને કોમ્પ્યુટરાઈઝ કરીને જિલ્લા અને રાજ્ય સહકારી બેંક સાથે જોડવા માટે કેન્દ્ર સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. કોમ્પ્યુટરાઈઝ થવાથી ઓડીટ પણ આપોઆપ થઈ જશે. ૧૦૦ રોગની એક દવા કોમ્પ્યુટરાઈઝ છે. ગુજરાત જેવા રાજ્યોમાં દરેક પેક્સ કોમ્પ્યુટરાઈઝ છે. જે અન્ય સહકારી બેંકો સાથે જોડાયેલ છે.પેક્સના કર્મચારીઓમાં પણ વ્યવસાયિકપણુ જરૂરી છે. આજે એવુ કોઈ ગામ નહી હોય જ્યા કોમ્પ્યુટરના જાણકાર યુવાઓ ના હોય. દરેક જિલ્લા અને રાજ્ય સરકારી બેંકોને અનુરોધ છે કે, પેક્સને વધુ મજબુત કરવા સાથે કોમ્પ્યુટરાઈઝ કરવામાં આગળ આવે. પેકસના મોડલ બાયલોઝ ઓનલાઈન ઉપલબ્ધ છે. તેનો અધ્યય કરીને સુચનો કરો તો સરકાર પેક્સને લઈને દેશભરમાં એક સરખો કાયદો અને નીતિ નિયમો અમલી બનાવાશે. પેક્સ માત્ર કૃષિ ક્ષેત્ર માટે જ નહી પણ નવા નવા ક્ષેત્રમાં પણ પેક્સનો ઉપયોગ કરી શકાશે. ગેસનું વિતરણ, પાણીનું વિતરણ કરી શકાશે. ૩ લાખ પેક્સને કાર્યરત કરવામાં બહુ મોટી સમસ્યા નથી પણ તેના માટે ગંભીરતાથી પ્રયાસ જરૂરી છે. જેટલા પેક્સ મજબૂત હશે એટલી જ જિલ્લા સહકારી બેંક મજબૂત હશે. જેટલી જિલ્લા સહકારી બેંક મજબૂત હશે એટલી જ રાજ્ય સરકારી બેંક મજબૂત હશે. ગ્રામિણ સહકારી બેંકોને પણ વિસ્તારવાનો પણ નિર્ણય કેન્દ્ર સરકારે કર્યો છે. ગ્રામ્ય કક્ષાએ ગ્રામિણ સહકારી બેંકો પેક્સની સાથે મળીને લઘુતમ અને મહત્તમ ધિરાણ કરી શકશે. તેમ તેમણે જણાવ્યું હતું.

# દિલ્હીમાં ૨૪ કલાકમાં કોરોનાના ૨૭૨૬ નવા કેસ,૬ લોકોના મોત

નવીદિલ્હી,તા.૧૨

દેશમાં કોરોના વાયરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. ઘણા લોકો તેને કોરોનાની ચોથી લહેર કહી રહ્યા છે. આ દરમિયાન દિલ્હી સહિત દેશના વિભિન્ન રાજ્યોમાં કોરોનાના કેસ વધતાં જોઇ સરકારી સંસ્થા ભારતીય એસએઆરએસ-કોવિ-૨ જીનોમિક્સ કંસોર્ટિયમ પર રિસર્ચ કરશે. સંસ્થા તરફથી કોવિડ ૧૯ વેરિએન્ટના જીનોમિક દેખરેખના ડેટાની સમીક્ષા કરવામાં આવશે.

મેડિકલ એક્સપર્ટોના અનુસાર દિલ્હી એનસીઆરમાં હાલ કોરોનાના ઓમિક્રોન વેરિએન્ટના ઘણા સ્ટ્રેનના કેસ સામે આવ્યા છે. ડોક્ટરોનું કહેવું છે કે સ્ટ્રેન મૂળ ઓમિક્રોન વાયરસની તુલનામાં ૨૦-૩૦ ટકા વધુ ખતરનાક છે.

કોવિડ વર્કિંગ ગ્રુપ નેશનલ ટેક્નિકલ એડવાઇઝરી ગ્રુપ ઓન ઈમ્યૂનાઈઝેશનના ચેરપર્સન ડો.એનકે અરોરાએ કહ્યું કે 'હાલ સ્ટ્રેન જે ચારેય તરફ ચક્કર લગાવી રહ્યો છે, તે ઓમિક્રોન સબ-વેરિએન્ટની તુલનામં ૨૦-૩૦ ટકા વદ્દુહ સંક્રમક છે. તેમાં કોરોના મહામારી ઝડપથી ફેલાઇ તો રહી છે પરંતુ હોસ્પિટલમાં ભરતી થવું અને મોત હજુ થયા છે.

ડો.અરોરાએ કહ્યું હતું કે સબ-વેરિએન્ટ છે. જોકે હોસ્પિટલમાં ભરતી થવું અથવા કોઇ પણ બિમારીની ગંભીરતામાં કોઇ ઉછાળો હજુ સુધી જોવા મળ્યો નથી. બુલેટિન અનુસાર દેશમાં કોરોનાની ચોથી લહેરને ફેલાવવામાં ઓમિક્રોન અને તેના વિભિન્ન સ્ટ્રેનનો મોટો હાથ જોવા મળ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય અને બાયોટેકનોલોજી વિભાગે વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ અને ભારતીય તબીબી સંશોધન પરિષદની સાથે સંયુક્ત રૂપથી મળીને શરૂ કર્યું છે. આ સંસ્થા દેશમાં કોરોના મહામારી અને બીજી મોટી સંક્રમક બિમારીઓની દેખરેખ અને તેમની સારવાર પર નજર રાખવામાં આવી રહી છે.

દિલ્હીમાં ૨૪ કલાકમાં કોરોનાન ૨૭૨૬ નવા કેસ સામે આવ્યા છે. આ દરમિયાન કોરોનાથી વધુ ૬ લોકોના મોત થયા છે. દિલ્હીમાં કોરોનાનો સંક્રમણ દર હાલ ૧૪.૩૮ ટકા ચાલે રહ્યો છે.

# પુરાવાના અભાવ વચ્ચે ફક્ત શંકાના આધારે દોષિત જાહેર કરી શકાય નહીં: સુપ્રીમ કોર્ટ

## જ્યાં સુધી વાજબી શંકાની બહાર દોષિત સાબિત ન થાય ત્યાં સુધી આરોપીને નિર્દોષ માનવામાં આવે છે

નવીદિલ્હી,તા.૧૨

'આંખ ધોકા હૈ, ક્યાં ભરોસા હૈ, શક દોસ્તી કા દુશ્મન હૈ, અપને દિલ મેં ઈઝ ઘર બનાને ન દો' સુપરસ્ટાર રાજેશ ખન્નાની ફિલ્મ આપ કી કસમનું આ ગીત ઘણું બધું કહી જાય છે. આ પંક્તિમાં શંકા વિનાશ સર્જી શકે છે તેવું કહેવામાં આવ્યું છે. ત્યારે સુપ્રીમ કોર્ટે આ મુદ્દે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. 'શંકા ગમે એટલી મજબૂત હોય પણ શંકા અંતે શંકા જ હોય છે અને શંકાને પુરાવો ગણી શકાય નહીં' તેવું અવલોકન કરીને સુપ્રીમ કોર્ટે આરોપીને નિર્દોષ ઠેરવ્યો છે.

એક આરોપીને શંકાના આધારે દોષિત ઠેરવી શકાય નહીં, પછી ભલે શંકા ગમે તેટલી મજબૂત હોય પણ પુરાવો બની શકે નહીં આ અવલોકન સાથે સુપ્રીમ કોર્ટે ગુરુવારે એક હત્યાના કેસમાં એક વ્યક્તિને નિર્દોષ જાહેર કર્યો હતો. જસ્ટિસ બી.આર. ગવઈ અને પી.એસ. નરસિમ્હાની બેન્ચે જણાવ્યું હતું કે, જ્યાં સુધી વાજબી શંકાની બહાર દોષિત સાબિત ન થાય ત્યાં સુધી આરોપીને નિર્દોષ માનવામાં આવે છે.સુપ્રીમે કહ્યું છે કે, સ્થાયી કાયદો છે કે શંકા ગમે તેટલી મજબૂત હોય, શંકા પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. કોઈ આરોપીને શંકાના આધારે દોષિત ઠેરવી શકાય નહીં, પછી શંકા ભલે ગમે તેટલી મજબૂત હોય, બેન્ચે કહ્યું.સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે હાલના કેસમાં, ફરિયાદ પક્ષ ઘટનાઓની સાંકળ સ્થાપિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે જે ફક્ત અને માત્ર એક જ નિષ્કર્ષ તરફ દોરી જાય છે. બેન્ચે કહ્યું, 'આ બાબતના દ્રષ્ટિકોણથી, અમને લાગે છે કે વિદ્વાન સેશન્સ જજ અને હાઈકોર્ટનો ચુકાદો અને આદેશ ટકાઉ નથી.'


ટોચની અદાલત કલમ ૩૦૨ (હત્યા) અને કલમ ૨૦૧ (ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ના પુરાવા ગાયબ થવાનું કારણ બને છે) હેઠળ સજાપાત્ર અપરાધો માટે તેને દોષિત ઠેરવતા પંજાબ અને હરિયાણાની હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશને પડકારતી એક વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલની સુનાવણી કરી રહી હતી. કોર્ટે આરોપીને આજીવન સખત કેદની સજા ફટકારી હતી.આ વ્યક્તિ વતી હાજર રહેલા એડવોકેટ ઋષિ મલ્હોત્રાએ રજૂઆત કરી હતી કે પોસ્ટમોર્ટમ રિપોર્ટના અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે તે વાજબી શંકાની બહાર સાબિત થયું નથી કે જે મૃતદેહ પર પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું તે મૃતકનું હતું.

તેનાથી વિપરિત રાજ્યના એડિશનલ એડવોકેટ જનરલે રજૂઆત કરી હતી કે હાઈકોર્ટ અને ટ્રાયલ કોર્ટે એકસાથે આરોપ લગાવેલા ગુનાઓ માટે આરોપીઓને દોષિત ઠેરવ્યા છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે આરોપીની નિર્દોષતા સાથે સુસંગત નિષ્કર્ષ માટે કોઈ વાજબી આધાર ન રહે તે માટે પૂરાવાની એક સાંકળ હોવી જોઈએ અને દર્શાવવું જોઈએ કે તમામ માનવીય સંભાવનાઓમાં આ કૃત્ય આરોપી દ્વારા કરવામાં આવ્યું હોવું જોઈએ. બેચે કહ્યું હતું કે, એવું માનવામાં આવ્યું છે કે કોર્ટ દોષિત ઠેરવે તે પહેલાં આરોપી 'દોષિત' હોઈ શકે નહીં.

# રક્ષાબંધન પર ૭ હજાર કરોડનો રાખડીનો કારોબાર, ચાઈનીઝ રાખડીઓની ડિમાન્ડ ઘટી

નવીદિલ્હી,તા.૧૨

દેશભરમાં રક્ષાબંધનના તહેવાર પર ભારતીય રાખડીનો જબરદસ્ત બિઝનેસ થયો છે. એ જ લોકોએ આ વખતે કોઈપણ પ્રકારની ચાઈનીઝ રાખડી ખરીદી નથી. આ વખતે ભારતીય રાખીની સામે ચાઈનીઝ રાખડીની કોઈ ડિમાન્ડ નહોતી. આ વખતે રાખડીના તહેવાર પર દેશભરમાં લગભગ ૭ હજાર કરોડ રૂપિયાનો વેપાર થયો છે.કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ સીએઆઈટીએ ભારતીય તહેવારોના ભવ્ય ભૂતકાળને કેપ્ચર કરવા માટે વૈદિક રાખડીનો ઉપયોગ કર્યો છે. સીએઆઈટીએ કહ્યું કે લોકોના આ બદલાતા વલણ પરથી અંદાજ લગાવી શકાય છે કે ધીમે ધીમે ભારતના લોકો તેમના રોજિંદા જીવનમાં ચાઈનીઝ વસ્તુઓનો ઉપયોગ ઓછો કરી રહ્યા છે.




સીએઆઈટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બીસી ભરતિયા અને રાષ્ટ્રીય મહાસચિવ પ્રવીણ ખંડેલવાલનું કહેવું છે કે ભારતનો દરેક તહેવાર દેશની જૂની સંસ્કૃતિ અને સભ્યતા સાથે જોડાયેલો છે જે ઝડપથી પશ્ચિમીકરણને કારણે ખૂબ જ નાશ પામ્યો છે અને તેથી ભારતના સાંસ્કૃતિક મૂલ્યોને પુનર્જીવિત કરવામાં આવી રહ્યા છે. સ્થાપિત કરવાની જરૂર છે. ચીન પરની ભારતની નિર્ભરતા ઓછી કરીને ભારતને આત્મનિર્ભર દેશ બનાવવો ખૂબ જ જરૂરી છે. તે સમય ગયો જ્યારે ભારતીય લોકો તેની ડિઝાઈન અને ખર્ચ-અસરકારકતાને કારણે ચાઈનીઝ રાખડી ખરીદવા માટે ઉત્સુક હતા. સમય અને માનસિકતાના બદલાવ સાથે, લોકો હવે ફક્ત સ્થાનિક રીતે ઉત્પાદિત રાખડીઓને જ પસંદ કરી રહ્યા છે.

ભરતિયા અને ખંડેલવાલે જણાવ્યું હતું કે,સીએઆઈટીના નેજા હેઠળ, દેશભરના વ્યવસાયિક સંગઠનોએ આ વર્ષે વૈદિક રક્ષા રાખડીની તૈયારી પર વધુ ભાર મૂક્યો છે જેમાં આવશ્યકપણે પાંચ વસ્તુઓ છે જે તેમની પોતાની સુસંગતતા ધરાવે છે. જેમાં દુર્વા એટલે ઘાસ, અક્ષત એટલે ચોખા, કેસર, ચંદન અને સરસવ. આને રેશમના કપડામાં સીવી શકાય છે અને કાલવથી દોરો બાંધી શકાય છે અને આ રીતે વૈદિક રાખડી તૈયાર કરી શકાય છે.

## યુપીમાં કોઈ ખેલ થશે નહીં,અખિલેશજીએ અમને માખીની જેમ કાઢી ફેંકી દીધા: મહાન દળના નેતા

લખનૌ,તા.૧૨

મહાનદળના અધ્યક્ષ કેશવ દેવ મૌર્યાએ કહ્યું છે કે બિહાર જેવો ખેલ યુપીમાં થશે નહીં સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે અમને દુધમાંથી માખીની જેમ કાઢીને ફેંકી દીધા છે.હવે લોકસભામાં તેમની એક કે બે બેઠકો જ આવશે.તેમણે કહ્યું કે મારૂ સ્વાભાવિક ગઠબંધન સમાજવાદી પાર્ટીથી હતું બીએસપી અને સમાજવાદી પાર્ટીની જે કામ કરવાની પધ્ધતિ છે દલિત પછાતો અને લધુમતિઓના હિતમાં તે કામ કરતા રહે આજ સિધ્ધાંત અમારો પણ છે. તેમણે કહ્યું કે સમાજવાદી પાર્ટી ગઠબંધન હતું પરંતુ સમાજવાદી પાર્ટી ગઠબંધને અમારી ઉપેક્ષા કરી જે રીતે મહત્વહીન રાખ્યા અને જે રીતે અમને બરતરફ કર્યા મજબુર કર્યા કે અમે ગઠબંધનથી દુર થઈએ ત્યારબાદ મનાવવા અને વાત કરવાનું કોણ કહે તેમણે અમને એક ગાડી આપી હતી તેને પણ મંગાવી લીધી તેનો અર્થ છે કે તેઓ અમારી સાથે સંબંધ રાખવા માંગતા નથી તેનાથી ગઠબંધન તુટી ગયું હવે ગઠબંધન કરવાનું થશે તો કોંગ્રેસથી કરીશું

આ પહેલા સમાજવાદી પાર્ટીએ ગઠબંધનથી સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી બીએસએસપીના નેતા ઓમ પ્રકાશ રાજભર અને પ્રગતિશીલ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ શિવપાલ સિંહ યાદવ સાથે પણ સંબંધ તોડી નાખ્યા છે આ દરમિયાન ભાજપની આ પક્ષોના નેતાઓની નજીકતા પણ રાજનીતિ અટકળોને હવા આપતી રહી છે વચ્ચે વચ્ચે આ નેતાઓના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સાથે સંબંધોને લઇ નિવેદન આવતા રહ્યાં છે કયારેક આ તેમના કામ કરવાની પધ્ધતિની પ્રશંસા કરે છે તો કયારેક તેમની વિરૂધ્ધ પણ બોલે છે હાલ સ્પષ્ટ થયું નથી કે કયાં પક્ષ કંઇ બાજુ જઇ રહ્યો છે.

# નરેન્દ્ર મોદીએ રાજુ શ્રીવાસ્તવની પત્નીને ફોન કરી હર સંભવ મદદની ખાતરી આપી

નવીદિલ્હી,તા.૧૨

કોમેડિયન અને એક્ટર રાજુ શ્રીવાસ્તવની સ્થિતિમાં ખાસ સુધારો નથી. રાજુ હજુ પણ એમ્સના આઈસીયુમાં દાખલ છે. રાજુ શ્રીવાસ્તવના પરિવારના સૂત્રોના જણાવ્યા અનુસાર પીએમ મોદીએ કોમેડિયન અને ઉત્તર પ્રદેશ ફિલ્મ વિકાસ પરિષદના અધ્યક્ષ રાજુ શ્રીવાસ્તવની હાલત પૂછી હતી. પીએમે રાજુની પત્નીને ફોન કરીને તેની સ્થિતિ જાણી અને મદદની ખાતરી આપી.રાજુ હજુ વેન્ટિલેટર પર છે. તબિયતમાં હજુ કોઈ સુધારો થયો નથી.

રાજુની સારવાર એમ્સના વરિષ્ઠ ડૉક્ટરોની દેખરેખ હેઠળ ચાલી રહી છે. રાજુ શ્રીવાસ્તવને છેલ્લા ૪૬ કલાકથી હોશ નથી આવ્યો .હાર્ટ એટેકના કારણે રાજુને બુધવારે દિલ્હીની એમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. તબિયત બગડતા પહેલા જ તેઓ ૪-૫ દિવસ માટે દિલ્હી આવ્યા હતા. રાજુને સાઉથ એક્સમાં કલ્ટ જિમમાં ટ્રેડમિલ પર કસરત દરમિયાન અચાનક છાતીમાં દુખાવો થવાને કારણે એઈમ્સમાં લઈ જવામાં આવ્યો હતો, ત્યારથી તેની સારવાર ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે અત્યાર સુધી રાજુ શ્રીવાસ્તવના પરિવાર સાથે વાત કરી છે અને તેમની સ્થિતિની જાણ લીધી છે.

આ પહેલા તેમની પુત્રી અંતરા શ્રીવાસ્તવે તેમની તબિયત વિશે જણાવતા કહ્યું હતું કે તેમની સ્થિતિમાં કોઈ ખાસ સુધારો નથી. મેડિકલ ટીમ પોતાનું સર્વશ્રેષ્ઠ આપી રહી છે. અમે પ્રાર્થના કરી શકીએ છીએ અને તેમના માટે ઝડપથી સાજા થવા માટે સતત પ્રાર્થના કરીએ છીએ.

જણાવી દઈએ કે, બુધવારે ૫૮ વર્ષીય અભિનેતા અને કોમેડિયન રાજુ શ્રીવાસ્તવને એમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ મિટિંગ માટે હોટલમાં રોકાયા હતા.

જ્યાં તે સવારે ઉઠીને જીમમાં કસરત કરવા ગયો હતો. ટ્રેડમિલ પર દોડતી વખતે તેને છાતીમાં દુખાવો થવા લાગ્યો. આ દરમિયાન તેમને હાર્ટ એટેક આવતા તેઓ જમીન પર પડી ગયા હતા. તરત જ તેની ટીમે તેને હોસ્પિટલમાં દાખલ કરાવ્યો. સૂત્રોનું માનીએ તો તેઓ મોટા નેતાઓને મળવા માટે હોટલમાં રોકાયા હતા.


## તંત્રી સ્થાનેથી...

# બિહારમાં બદલાવ

અંતે બિહારમાં એ જ થયું, જેનું અનુમાન લગાવવામાં આવતું હતું. નીતિશ કુમાર ફરી એક વખત ભાજપ સાથે નાતો તોડીને રાષ્ટ્રીય જનતા દળ સાથે નાતો જોડી લીધો છે. એમ તો પહેલાં પણ તેમણે કેટલીય વાર પાટલી બદલી છે, પરંતુ આ વખતે તેમના માટે પોતાના નિર્ણયની જરૂરિયાતને સાબિત કરવી એટલા માટે કઠિન હશે, કારણ કે આ આરોપમાં દમ નથી કે આરસીપી સિંહ દ્વારા જેડીયુને કમજોર કરવાની કોશિશ કરવામાં આવી રહી હતી. વાસ્તવમાં એનાથી હાસ્યાસ્પદ બીજું કશું ન હોઈ શકે કે આરસીપી સિંહ નીતિશ કુમારની ઈચ્છા વગર કેન્દ્રમાં મંત્રી બની ગયા હતા. જેડીયુ નેતા રાજદ ગઠબંધનની બહાર આવવાનાં કારણોમાં ચિરાગ પાસવાન મોડેલની પણ ચર્ચા કરી રહ્યા છે. એમાં શંકા નહીં કે ગત વિધાનસભા ચૂંટણીમાં ચિરાગ પાસવાને જેડીયુ વિરુદ્ધ ઉમેદવાર ઉતારીને નીતિશ કુમારને ઝાટકો આપ્યો હતો, પરંતુ શું તેમને આટલા દિવસ પછી ખબર પડી કે ચિરાગે ભાજપના ઈશારે આવું કર્યું? એક સવાલ એ પણ છે કે જો નીતિશ કુમાર ૭૭ સદસ્યોવાળી ભાજપના દબાણનો સામનો નહોતા કરી શકતા, તો પછી ૭૯ સદસ્યોવાળી રાજદના દબાણને કેવી રીતે પહોંચી વળશે? હવે તો તેમણે રાજદની સાથે મહાગઠબંધનના અન્ય પક્ષોને પણ સંતુષ્ટ કરવા પડશે. આ આસાન નહીં હોય, કારણ કે આ વખતે સંખ્યા બળના મામલે જેડીયુ ઘણી કમજોર છે.

બિહારમાં સત્તાની ચાવી ભલે જેડીયુ પાસે હોય, પરંતુ હવે તે ત્રીજા નંબરની પાર્ટી બનીને રહી ગઈ છે. એની પણ અવગણના ન કરી શકાય કે જ્યારે નીતિશ કુમારે મહાગઠબંધન સાથે છેડો ફાડ્યો હતો ત્યારે કારણ હતું રાજદ નેતાઓ શાસન સંચાલનમાં બિનજરૂરી દખલ કરી રહ્યા હતા અને તેઓ તેમને રોકી નહોતા શકતા. શું આ વખતે તેઓ એવું કરવામાં સક્ષમ હશે અને તે પણ એવા સમયે, જ્યારે સુશાસન બાબુની તેમની છબિ પર પ્રશ્નચિહ્ન લાગી રહ્યા છે અને બિહાર વિકાસના મુદ્દે પછાત રહી ગયું છે? હવે તો તે વધુ પછાત થવાની આશંકા છે. નીતિશ કુમારે એ સવાલોના જવાબ પણ આપવા પડશે જે અંતર્ગત તેઓ રાજદ નેતાઓના ભ્રષ્ટાચારને રેખાંકિત કરતા હતા. આમ તો ગઠબંધન રાજનીતિમાં તૂટ-ફૂટ નવી વાત નથી કે જનાદેશની અવગણના કરવી નવી વાત નથી, પરંતુ એ એક તથ્ય એ છે કે વારંવાર પાટલી બદલનારા પક્ષો પોતાની શાખ ગુમાવે છે. એ સાચું કે નીતિશ કુમાર પાસે હવે પહેલાથી વધારે ધારાસભ્યોનું સમર્થન હશે, પરંતુ એમાં શંકા છે કે તેઓ હવે પોતાના હિસાબે શાસનનું સંચાલન કરવામાં વધુ સક્ષમ રહી શકશે. જ્યાં સુધી ભાજપની વાત છે, તેની સામે બિહારમાં પોતાના જોરે મૂળિયાં જમાવવાનો પડકાર આવી ઊભો છે. તેની પાસે આ પડકારનો સામનો કરવા ઉપરાંત બીજો કોઈ ઉપાય પણ નથી.

## કોરોના સંક્રમણમાં આંશિક વધારો, છેલ્લા ૨૪ કલાકમાં ૧૬,૫૬૧ કેસ,૪૯ લોકોના મોત



નવીદિલ્હી,તા.૧૨

ભારતમાં નવા કોરોના સંક્રમણના પોઝિટિવ કેસમાં થોડો વધારો થયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં ૧૬,૫૬૧ કેસ નોંધાયા છે અને ૪૯ લોકોના મોત થયા છે. દેશમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા હવે વધીને ૪૪,૨૨૩,૫૫૭ થઈ ગઈ છે. આવા સમયે, સક્રિય કેસોની સંખ્યા વધીને ૧૨૩,૫૩૫ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૮,૦૫૩ લોકો કોરોનાથી સાજા થયા છે. કુલ ૫૨૬,૯૨૮ લોકોના મોત થયા કુલ ૫૨૬,૯૨૮ લોકોના મોત થયા અત્યાર સુધીમાં કુલ ૪૩,૫૩૭,૦૯૪ લોકો સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૫૨૬,૯૨૮ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં૧૭,૭૨,૪૪૧ રસીકરણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૦૭,૪૭,૧૯,૦૩૪ રસીકરણ કરવામાં આવ્યું છે.

દિલ્હીમાં ફરી એકવાર કોરોનાનો કહેર શરૂ થયો છે. ગુરુવારના રોજ રાજધાનીમાં કોરોનાના કુલ ૨૭૨૬ નવા કેસ નોંધાયા છે. છેલ્લા સાડા છમહિનામાં આ પહેલીવાર છે, જ્યારે દિલ્હીમાં આટલા કેસ સામે આવ્યા છે. આ વર્ષની શરૂઆતમાં ૨ ફેબ્રુઆરીએ ૩૦૨૮ કેસ નોંધાયા હતા. આવા સમયે, ગુરુવારના રોજ કોરોના પોઝિટિવિટી રેટ ૧૪.૩૮ ટકા નોંધાયો છે. જે બુધવાર કરતાં ચોક્કસપણે ઓછું છે. છત્તીસગઢમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વધુ ૭૫ લોકો કોરોના વાયરસથી સંક્રમિત થયા હોવાની પુષ્ટિ થઈ છે. આ સાથે રાજ્યમાં કોવિડ-૧૯થી પ્રભાવિત લોકોની કુલ સંખ્યા ગુરુવાર સુધીમાં વધીને ૧૧,૭૦,૧૬૦ થઈ ગઈ છે. રાજ્યના આરોગ્ય વિભાગના અધિકારીઓએજણાવ્યું હતું કે, ગુરુવારના ૧૩ લોકોને કોરોના સંક્રમણમાંથી મુક્ત થયા બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી, જ્યારે ૪૩૬ લોકોએ હોમ આઈસોલેશનનો સમયગાળો પૂર્ણ કર્યો હતો. ગુરુવારના રોજ રાજ્યમાં કોરોના વાયરસથી સંક્રમિત કોઈ દર્દીનું મોત થયું નથી.

ઉત્તર પ્રદેશના ગૌતમ બુદ્ધ નગર જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણના ૨૦૦ નવા કેસ મળી આવ્યા હતા. આરોગ્ય વિભાગે જણાવ્યું કે, આ સમયગાળા દરમિયાન વધુ ૧૭૪ દર્દીઓ સ્વસ્થ થયા છે.

ઓગસ્ટના પહેલા અને બીજા સપ્તાહમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થયો છે.

આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે, જિલ્લામાં ૧,૦૭૦ દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે,જેમાંથી ગુજરાતમાં ગુરૂવારના રોજ કોરોના સંક્રમણના ૫૫૨ નવા પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે છેલ્લા ૨૪ કલાકમાં ૮૭૪ દર્દીઓ કોરોનામુક્ત થયા હતા. જેના કારણે રાજ્યમાં એક્ટિવ કેસમાં વધારો થયો છે.આ સાથે છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમદાવાદ અને જામનગરમાં૧-૧ કોવિડ સંબંધિત મૃત્યુ નોંધાયું છે. રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૪૯૯૭ થઇ

# મુક્તિમાર્ગનું મોટું વિઘ્ન અહંકાર



સુખ વ્યક્તિના અહંકારની અને દુઃખ વ્યક્તિની ધીરજની પરીક્ષા લે છે.આ બંન્ને પરીક્ષામાં પાસ થનાર વ્યક્તિનું જીવન સફળ કહેવાય છે.જીવનનો સામાન્ય નિયમ છે કે સુખ આવે છે તો સાથે અહંકારને લઈને જ આવે છે.રાવણ,કંસ,દુર્યોધન વગેરે કૌરવોના જીવન જોઇએ તો તેમના જીવનમાં જેટલું સુખ અને વિલાસ આવ્યો એટલું જ તેમનામાં અભિમાન વધતું ગયું.

રામચરીત માનસમાં કહ્યું છે કે "નહિં કોઉં અસ જનમા જગ માંહી,પ્રભુતા પાઇ જાહિ મદ નાહી." આ જગતમાં એવો કોઇ જન્મ્યો નથી કે જેને પ્રભુતા (પદ-પ્રતિષ્ઠા અને પૈસો) મળ્યા પછી અભિમાન ના આવ્યું હોય.સુખ ઘી સમાન છે જેને માનવી ખાઈ તો શકે છે પરંતુ પચાવી શકતો નથી તેવી જ રીતે દુઃખના સમયે ધીરજ રાખવી બધા માટે શક્ય નથી.દુઃખમાં મોટા મોટા મહારથીઓ પણ ધીરજ ગુમાવી દે છે.

સુખના સમયે અહંકાર જીતનાર અને દુઃખના સમયે ધીરજ ધારણ કરનાર જ વાસ્તવમાં આ જીવનરૂપી મહાસંગ્રામમાં સફળ યોદ્ધો કહેવાય છે.દુઃખને સહન કરવુ અને સુખને પણ સહન કરવું એ એક મહાન કળા છે.

જીવનું મુક્તિમાર્ગનું મોટામાં મોટું વિઘ્ન અહંકાર છે.તન,મન અને ધનમાં પોતાપણાનો ત્યાગ નિશ્ર્ચિંતરૂપથી અહંકાર ઓછો કરી વિનમ્રતામાં વૃધ્ધિ કરે છે,જેનાથી જિજ્ઞાસુ બ્રહ્મજ્ઞાનનો અધિકારી બને છે. આપણા અહંકારનું કારણ જીવભાવ છે,જે પ્રભુદર્શનથી દૂર થાય છે.જીવભાવ દૂર થતાં જ તમામ દુઃખ દુર થાય છે.જ્યાં સુધી મનુષ?યમાં અહંકારની હાજરી છે ત્યાં સુધી સદગુરૂ દ્વારા પ્રદત્ત તત્વજ્ઞાન તેનામાં ઉતરતું નથી.સદગુરૂ પ્રદત્ત જ્ઞાનને માનવાથી,જીવનમાં ઉતારવાથી જ અહંકારમાંથી મુક્તિ મળે છે.

જેનામાં અભિમાન છે,અહંકાર છે તેને મહાન માનવામાં આવતા નથી.મહાન તે છે કે જેનામાં દાસ ભાવના છે, વિનમ્રતા છે, જેના હૃદયમાં મિઠાસ છે,જેને શુધ્ધ વ્યવહાર કર્યો છે.માનવ જેટલો નમ્ર બને છે એટલો તેનો અહંકાર ઓછો થાય છે.

જેમ વૃદ્ધાવસ્થા માનવીના રૂપ રંગનો નાશ કરે છે તેમ અહંકાર લક્ષ?મીનો વિનાશ કરી નાખે છે.દેહને આત્મા માનવો એ અહંકાર છે.

અહંકારી વ્યક્તિ પૈસા અને શક્તિને વધુ મહત્વ આપે છે, તેઓ બીજાની ઈર્ષા કરતા હોય છે, તેમને કોઇના પ્રત્યે સહાનુભૂતિ હોતી નથી તેમજ કોઈને મદદરૂપ થતા નથી,કોઇ તેમની ટીકા કરે તો તે સહન કરી શકતા નથી,તેઓ દર્શન નહી પણ પ્રદર્શનમાં માનતા હોય છે.

હરિ મિલન રૂપી મુક્તિ તો અહંકારનો ત્યાગ કરવાથી જ મળે છે.હરિ પરમાત્માની ભક્તિ કરી લઈએ, જેના ફળ સ્વરૂપે આપણા દિલનું દર્પણ સાફ થશે અને મન પણ અહંકાર વગેરે વિકારોથી મુક્ત થઇ પવિત્ર થશે.મન સંકલ્પ-વિકલ્પ કરે છે.એક સંકલ્પની સમાપ્તિ અને બીજાનો આરંભ.તે બેની વચ્ચે ભગવાનને રાખો તો અહંકાર મરે છે.સતત ભક્તિ કરવાની ટેવ પડે તો દેહભાવ જાય છે અને દેહભાવ જાય તો અહંકાર જાય છે.

સાંસારીક ચીજોના સબંધથી,ત્યાગ-વૈરાગ્ય અને જ્ઞાનથી પોતાનામાં વિશેષતા દેખાવવાથી તથા શરીરને જ પોતાનું સ્વરૂપ માનવાથી અહંકાર પેદા થાય છે.અહંકારને દૂર કરવા માટે બીજાઓની ખામીઓ તરફ જોવું નહી પરંતુ પોતાની ખામીઓ જોઇને તેને દૂર કરવી.

ગુણોના લીધે પોતાનામાં જે વિશેષતા દેખાય છે તેને અહંકાર કહે છે.શ્રેષ્ઠ મનુષ્ય પરનિંદા,આત્મ પ્રશંસા, અહંકાર, વેરની ભાવના,ઈર્ષ્યા વગેરે અવગુણોથી દૂર રહે છે.તે શત્રુ,પાપી,દુષ્ટો પ્રત્યે પણ ભાવુક બની તેમના કલ્યાણની કામના કરે છે.

શરીરમાં જે આંખ વગેરે ઈંદ્રિયો છે તેમાં અંતઃકરણ ચિદાત્માના તેજ સાથે 'હું છું' એવા અભિમાનથી રહે છે એને જ અહંકાર જાણવો,એ જ કરનાર,ભોગવનાર અને અભિમાન કરનાર છે અને એ જ સત્વ રજ અને તમ એ ત્રણ ગુણોના સંબંધથી જુદી જુદી ત્રણ અવસ્થા( જાગ્રત,સ્વપ્ન અને સુષુપ્તિ)ને પામે છે. વિષયોની અનુકૂળતા હોય તો તે અહંકાર પોતાને સુખી માને છે અને વિષયોની પ્રતિકૂળતા હોય તો દુઃખી થાય છે આ રીતે સુખ અને દુઃખ એ નિત્ય આનંદરૂપ આત્માના નહિ પરંતુ અહંકારના ધર્મો છે.

એક સત્સંગી પ્રભુ પરમાત્માના ધ્યાનમાં એટલો મસ્ત રહેતો હતો કે તેને પ્રભુ સિવાય બીજો કોઇ વિચાર જ ન હતો.

એકવાર તે પ્રભુના ધ્યાનમાં મગ્ન હતો ત્યારે આકાશવાણી થાય છે કે બેટા તારી શું ઇચ્છા છે? ત્યારે તે કહે છે કે મને પ્રભુ સિવાય બીજું કંઇ જ જોઇતું નથી ફરીથી અવાજ સંભળાય છે કે નવાઇની વાત છે..! મારી પાસે તૂ મને જ માંગે છે.હું તારી ઉપર પ્રસન્ન છું બીજું કંઇક માંગ ત્યારે સત્સંગી કહે છે કે મારે દાત નહી દાતા જોઇએ છે હું દાતા પ્રભુનો આશિક છું.જેમ વૃક્ષના મૂળને પાણી સિંચવાથી તેની ડાળીઓ અને પત્તાઓને પોષણ મળે છે અને ફળફુલની પ્રાપ્તિ થાય છે તેવી જ રીતે સંતો અને સદગુરૂને ખુશ કરવાથી અમોને પરમાત્માની પ્રાપ્તિ થાય છે.કહ્યું છે કે "સદગુરૂ રાજી તો કર્તા રાજી,કાલ કર્મકી ચલે ના બાજી.." જીંદગીમાં બે શબ્દોનું ઘણું જ મહત્વ છે:પ્રેમ અને ધ્યાન.પ્રભુ પરમાત્માના મંદિરના આ બે વિરાટ દરવાજામાં પ્રેમ અને ધ્યાનથી પ્રવેશ થઇ શકે છે અને આના માટે અહંકાર છોડવો પડે છે.

તન,મન અને ધનમાં પોતાપણાનો ત્યાગ નિશ્ચિંતરૂપથી અહંકાર ઓછો કરી વિનમ્રતામાં વૃધ્ધિ કરે છે,જેનાથી જિજ્ઞાસુ બ્રહ્મજ્ઞાનનો અધિકારી બને છે.હરિ પરમાત્માની ભક્તિ કરી લઈએ,જેના ફળ સ્વરૂપે આપણા દિલનું દર્પણ સાફ થશે અને મન પણ અહંકાર વગેરે વિકારોથી મુક્ત થઇ પવિત્ર થશે.જ્યાં સુધી મનુષ્યમાં અહંકારની હાજરી છે ત્યાં સુધી સદગુરૂ દ્વારા પ્રદત્ત તત્વજ્ઞાન તેનામાં ઉતરતું નથી.સદગુરૂ પ્રદત્ત જ્ઞાનને માનવાથી,જીવનમાં ઉતારવાથી જ અહંકારમાંથી મુક્તિ મળે છે.'અહંકાર નમવાનું નહી પરંતુ અક્કડ રહેવાનું જાણે છે.અમારા હૃદયમાં આવી ભાવના હોય તો તેને દૂર કરવી જોઈએ.અહંકાર ના આવે તેના માટે નિરંતર સંતોના ચરણોમાં ઝુકતા રહેવું જોઈએ.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી, જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## અરવિંદ કેજરીવાલ મફત યોજનાઓ પર ચર્ચાને ખોટો વળાંક આપી રહ્યા છે : નિર્મલા સીતારમણ

### કલ્યાણકારી દેશ હોવાને કારણે કોઈપણ સરકાર દ્વારા શિક્ષણ અને સ્વાસ્થ્ય સુવિધાઓનો ઈંકાર કરવામાં આવ્યો નથી



નવીદિલ્લી,તા.૧૨

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ચૂંટણી દરમિયાન મફત યોજનાઓની જાહેરાતને લઈને દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર આકરા પ્રહારો કર્યા છે. અરવિંદ કેજરીવાલ દ્વારા કેન્દ્ર પર લગાવવામાં આવેલા આરોપોનો જવાબ આપતા કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યુ કે કલ્યાણકારી દેશ હોવાને કારણે કોઈપણ સરકાર દ્વારા શિક્ષણ અને સ્વાસ્થ્ય સુવિધાઓનો ઈંકાર કરવામાં આવ્યો નથી. આ સરકારની પ્રાથમિકતા છે.

સીતારમણે કહ્યુ કે અરવિંદ કેજરીવાલ શિક્ષણ અને સ્વાસ્થ્ય સુવિધાઓ માટે આપવામાં આવતી મદદને 'ફ્રીની રેવડી' ગણાવીને આ ચર્ચાને વિકૃત વળાંક આપી રહ્યા છે. આ જનતાને ડરાવવા માટે છે. અમે મફત સુવિધાઓ પર ચર્ચા ઈચ્છીએ છીએ. શિક્ષણ અને આરોગ્યને નકારવામાં આવ્યુ નથી. આ સરકારની પ્રાથમિકતા છે. નાણામંત્રીએ કહ્યું કે કેજરીવાલે સ્વાસ્થ્ય અને શિક્ષણને 'ફ્રી' ગણાવ્યા. તેમણે ગરીબોના મનમાં ચિંતા અને ભય પેદા કરવાનો પ્રયાસ કર્યો છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ખેડૂતો કે નાના અને મધ્યમ ઉદ્યોગોને અમુક હદ સુધી મફત વીજળી આપવામાં અમને કોઈ વાંધો નથી પરંતુ તે રાજ્યના બજેટમાં તેની જોગવાઈ થવી જોઈએ અને રાજ્ય પાસે આ માટે પૂરતી આવક પણ હોવી જોઈએ. કેન્દ્રએ દલીલ કરી છે કે વિપક્ષ પાસે નોકરીઓનું સર્જન કરવા, આવક વધારવા અથવા બિઝનેસ કરવામાં સરળતા વધારવા માટે લાંબા ગાળાના સુધારાત્મક પગલાં માટે સુસંગત વ્યૂહરચના નથી. તેના બદલે તેઓ માત્ર ચૂંટણી જીતવા અને મફતના વચનો આપીને સત્તામાં રહેવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

સૂત્રોએ જણાવ્યુ કે અરવિંદ કેજરીવાલ જાણી જોઈને આ તર્કને ખોટી રીતે રજૂ કરી રહ્યા છે. ગરીબોને મફતમાં લાભ આપવો એ ખોટુ છે એવુ કોઈ કહેતું નથી. પરંતુ ઋણ માફ કરવુ અથવા કોર્પોરેટ ટેક્સ કહેવુ ખોટુ છે. દરોમાં ઘટાડો કોર્પોરેટ્સને ફાયદો પહોંચાડવા માટે કરવામાં આવ્યો હતો.

કેન્દ્રનુ કહેવુ છે કે આવી વ્યૂહરચના આખરે તિજોરીને અસર કરશે અને રાજ્યને નાદારી તરફ દોરી જશે. કેન્દ્રએ દલીલ કરી છે કે સ્પર્ધાત્મક રાજકીય વાતાવરણમાં જો તેઓ ચૂંટણીમાં સફળતા લાવે તો તમામ પક્ષો દબાણ હેઠળ રહેશે. બીજી તરફ ભાજપ પ્રવક્તા ગૌરવ ભાટિયાએ દિલ્લીના સીએમ અરવિંદ કેજરીવાલ પર ગુરુવારના નિવેદનમાં ત્રણ જુઠ્ઠાણા બોલવાનો આરોપ લગાવ્યો છે.

તેમણે કહ્યુ કે કેજરીવાલે આરોપ લગાવ્યો છે કે કેન્દ્ર સરકારે મનરેગાના બજેટમાં ૨૫ ટકાનો ઘટાડો કર્યો છે જે સંપૂર્ણ જુઠ્ઠાણુ છે. ૨૦૨૧-૨૨માં મનરેગાનું બજેટ ૭૩ હજાર કરોડ હતુ. રોગચાળાને કારણે આ બજેટમાં ૨૫ હજાર કરોડ રૂપિયાનો વધારો કરીને ૯૮ હજાર કરોડ કરવામાં આવ્યો. જે રીતે મનરેગાને અસરકારક બનાવીને માત્ર તેના બજેટમાં વધારો કરવામાં આવ્યો એટલુ જ નહિ પરંતુ એ પણ સુનિશ્ચિત કર્યુ કે દરેક રૂપિયો સીધો જ લોકોના ખાતામાં પહોંચે ભ્રષ્ટાચાર થાય નહિ.

## "મારા ખાતામાં ૬૮૩૩૦૦૦૦૦૦૦ રૂપિયા જમા થાય તો સ્વિસ બેંક એકાઉન્ટમાં જમા કરાવી રફૂચક્કર થઈ જઉં"- રાજુ રદી ઉવાચ !!!!!

શેર બજાર. શેર બજાર અલાઉદીનનો જાદુઈ ચિરાગ છે.લોકો માટે અરેબિયન નાઈટસ જેવી સ્વપ્ન નગરી છે. સફળ થયેલ માટે તિલસ્મી અને કરિશ્માઇ સ્થળ છે. ખુવાર થયેલ વ્યકિત માટે ખંડેર છે. જયાં રૂદાલી મરશિયા ગાય છે.

શેરબજારનું પ્રતિક છીંકોટો કરતો હુષ્ટપુસ્ટ આખલો છે. આખલો આગઝરતી તેજીનું પ્રતિક છે!!!

શેરબજારમાં પ્રાયમરી અને સેકન્ડરી બે બજાર હોય છે. પ્રાયમરી એટલે વિવિધ કંપનીઓ ઈકવિટી શેર ઈસ્યુ કરવા માટે ભરણું બહાર પાડે છે. જેમાં ૧૦,૧૦૦ રૂપિયાના ઈકવિટી શેર પ્રીમિયમ પ્રાઇઝ કે ડિસ્કાઉન્ટેડ પ્રાઈઝે બહાર પાડે છે. જેને ખેલૈયા બેઈઝ પ્રાઇઝ કહે છે. કંપનીનું ભરણું પૂરું થાય પછી કંપની શેરબજારમાં લિસ્ટેડ થાય છે અને તેની લિસ્ટેડ પ્રાઈઝ નક્કી થાય છે. રિલીયન્સ પાવરના શેરોના ભરણામાં જેમણે પૈસા ભરેલા અને જેમની અરજી માન્ય રહેલી અને કંપનીએ શેરોની ફાળવણી કરેલી તેવા લોકો શેર લિસ્ટેડ થયા પછી શેરની કિંમત નક્કી થયેલી તે જોઇને માથે ફાળિયું મુકીને રડેલા. એલઆઈસીના આઈપીઓમાં પણ આવું જ થયેલું.

શેર બજારમાં ટ્રેડિંગ કરવા એટલે પબ્લિક ઈસ્યુમાં શેર મેળવવા માટે અરજી કરવા માટે ડીમેટ એકાઉન્ટ કાયદેસર રીતે ફરજિયાત કરાયું છે. વરસો પહેલાં આવા ડીમેટ એકાઉન્ટ ખોવાવાની જરૂરત રહેતી ન હતી. મોટાભાગના લોકો ટ્રડીંગ અને ડીમેટ એકાઉન્ટને એક જ સમજે છે. પરંતુ ખરેખર એવુ નથી. શેર ખરીદવા અને વેચવા માટે ટ્રેડીંગ એકાઉન્ટનો ઉપયોગ થાય છે. શેરબજારનું નિયમન સેબી કરે છે.

શેરબજાર એ છે જ્યાં રોકાણકારો શેર, બોન્ડ્સ અને ડેરિવેટિવ્સ જેવા વિવિધ નાણાંકીય સાધનોમાં વેપાર કરી શકે છે. સ્ટૉક એક્સચેન્જ એક મધ્યસ્થી છે જે શેર ખરીદવા/વેચવાની મંજૂરી આપે છે.

ભારતમાંબોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) અને નેશનલ સ્ટૉક એક્સચેન્જ (એનએસઇ) છે. વધુમાં, એક પ્રાઈમરી માર્કેટ છે જ્યાં કંપનીઓ પહેલીવાર તેમના શેરોનું લિસ્ટીંગ આપે છે. સેકન્ડરી માર્કેટ રોકાણકારોને પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) દરમિયાન જારી કરેલા શેરો ખરીદવા અને વેચવાની મંજૂરી આપે છે.

બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) એ ભારતનું પ્રથમ અને સૌથી મોટું સિક્યોરિટીઝ માર્કેટ છે અને તેની સ્થાપના ૧૮૭૫માં કરવામાં આવી હતી. બોમ્બે સ્ટોક એક્સચેન્જને ૧૯૫૭માં સિક્યોરિટી કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) એક્ટ હેઠળ એક્સચેન્જ તરીકે માન્યતા આપવામાં આવી હતી. તેનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ, સેન્સિટિવ ઈન્ડેક્સ (સેન્સેક્સ) ) ૧૯૮૬ માં શરૂ કરવામાં આવી હતી. ૧૯૯૫ માં, ભ્જીઈ એ તેનું સંપૂર્ણ સ્વયંસંચાલિત ટ્રેડિંગ પ્લેટફોર્મ ભ્જીઈ ઓન-લાઈન ટ્રેડિંગ સિસ્ટમ (ર્ંન્) લોન્ચ કર્યું જેણે ઓપન આઉટક્રી સિસ્ટમને સંપૂર્ણપણે બદલી નાખી.

૧૯૯૨ સુધી, ભ્જીઈ ભારતમાં સૌથી લોકપ્રિય સ્ટોક એક્સચેન્જ હતું. ભ્જીઈ ફ્લોર-ટ્રેડિંગ એક્સચેન્જ તરીકે કામ કરતું હતું. ૧૯૯૨માં દ્ગજીઈની સ્થાપના દેશમાં પ્રથમ ડિમ્યુચ્યુઅલાઈઝ્ડ સ્ટોક એક્સચેન્જ તરીકે કરવામાં આવી હતી. ટેક્નોલોજીકલી અદ્યતન, સ્ક્રીન-આધારિત ટ્રેડિંગ પ્લેટફોર્મ (બીએસઈના ફ્લોર-ટ્રેડિંગથી વિપરીત) રજૂ કરનાર તે ભારતમાં પ્રથમ સ્ટોક એક્સચેન્જ પણ હતું. આ સ્ક્રીન આધારિત ટ્રેડિંગ પ્લેટફોર્મ ભારતમાં બોર્સ બિઝનેસમાં ક્રાંતિ લાવી છે. ટૂંક સમયમાં જ દ્ગજીઈ ભારતમાં વેપારીઓ/રોકાણકારોનું પસંદગીનું સ્ટોક એક્સચેન્જ બની ગયું.

આ પ્રક્રિયા મૅન્યુઅલ હતી અને આમ સમયનો ઉપયોગ કરતો અને અકલ્પનીય હતો. જો કે, ઑનલાઈન ટ્રેડિંગ પ્લેટફોર્મ સાથે, ખરીદદારો અને વિક્રેતાઓની સંપૂર્ણ પ્રક્રિયા ઈન્ટરનેટ દ્વારા કરવામાં આવે છે. આ ટ્રાન્ઝૅક્શનનો સમય થોડી મિનિટો સુધી ઘટાડી દીધો છે.

શું તમે ટ્રેડિંગ અથવા ઈન્વેસ્ટમેન્ટ કરતી વખતે ક્યારેય "હેરકટ" શબ્દ સાંભળ્યો છે અને તેનો ખરેખર શું અર્થ છે ?હેરકટ એ એસેટ માર્કેટ વેલ્યૂ અને તમને જે મર્યાદા પ્રાપ્ત થશે તે વચ્ચેનો ટકાવારી તફાવત છે (એક એસેટ જેને સુરક્ષા તરીકે રાખવામાં આવે છે).

રોકાણકારો કેટલીકવાર જોખમોને સમજ્યા વિના ફ્યુચર્સ અને ઓપ્શન્સ નામના જટિલ ડેરિવેટિવ ઈન્સ્ટૂમેન્ટ્સનું એક્સપોઝર પણ લે છે, આના પરિણામે (અને થશે) ભારે નુકસાન થઈ શકે છે. શેર બજાર ખૂબ જ પારદર્શક છે, સ્ટોક વગેરેની કિંમતો ઓનલાઈન ઉપલબ્ધ છે (એટલે જ તેને 'લાઇવ સ્ટોક માર્કેટ' કહેવામાં આવે છે) રોકાણકારોને તેમના રોકાણો ખરીદવા, વેચવા અને મોનિટર કરવાની મંજૂરી આપે છે.સમય જતાં ભારતના નાણાકીય બજારો પરિપક્વ થયા છે, અને આજે રોકાણ ઈક્વિટી માર્કેટ, કોમોડિટી માર્કેટ અને ફોરેક્સ (જેને કરન્સી માર્કેટ પણ કહેવાય છે)માં થઈ શકે છે. અહીં અમે એ જોવાનો પ્રયાસ કરીએ છીએ કે જો કોઈ રોકાણકાર શેરબજારમાં રોકાણ કરવા માંગે છે, તો તેઓ આ મુશ્કેલ કાર્યને કેવી રીતે પાર પાડી શકે છે..

શેર બજારમાં પૈસા રોકવા હાલીમવાલી કે લલ્લુંપંજુનું કામ નથી.તલવારની ધાર પર ચાલવા અગર લોઢાના ચણા ચાવવા જેવું દુષ્કર કામ છે.( આ નિવેદન શેરબજારમાં ગળાડુબ ડૂબેલા ખૈલેયાનું નથી. અપિતું, શેરબજારમાં એક નવો-નયો પૈસાનું રોકાણ કરેલ નથી એવી વ્યકિતના આ મહત્વના નિવેદનો છે!!) શેરબજારમાં રોકાણ કરવા માટે શેરની પસંદગી એ ખૂબ જ મહત્વપૂર્ણ પાસું છે. ટિપ્સ અને અફવાઓ દ્વારા આગળ વધવાથી સારી પસંદગી ન થઈ શકે, જેઓ રોકાણ કરે છે તેઓ પછીથી પસ્તાવો કરી શકે છે. સારી રીતે પસંદ કરો, સમજદારીપૂર્વક પસંદ કરો એ અહીં સૂત્ર હોવું જોઈએ.કંપની આર્થિક સ્થિતિ, વૃદ્ધિની સંભાવના,વિશ્લેષણ , સંશોધનો વગેરે જોઇ વિચારીને રોકાણ કરવું જોઈએ, નહીંતર, ભેંસના શિંગડામાં માથું ખોસવા જેવું થશે!!! કેમ કે,ભારતમાં શેરબજારને બરબાદીનો રસ્તો કહેવામાં આવે છે. અને આ વાત કેટલાક અંશે સાચી પણ છે. જો તમે વાંચ્યા-વિચાર્યા વિના રોકાણ કરો અથવા તો કોઇએ આપેલી ટીપ્સ પર રોકાણ કરી રહયા છો તો નુકસાન થવાની સંભાવનાઓ પ્રબળ હોય છે.

શેરબજારમાં રોકાણ કરવા માટે રિટર્ન ઓન ઈક્વિટી , શેર દીઠ આવક (ઇપીએસ), પ્રાઈસ ટુ બુક વેલ્યૂ રેશિયો, પીઇજી રેશિયો, પ્રાઈસ ટૂ અર્નિંગ રેશિયો જાણવા જરૂરી છે.

આપણા સરકારી તંત્રો લોચાલાપસી માટે કુખ્યાત છે.એવા એવા લોચા મારે કે ભોગ બનનાર માથાના( પોતાના માથાના. લેખકના માથાના નહીં. અન્ડરસ્ટેન્ડ ડયુડ!!)

કિસ્સા નંબર એક મુજબ અમીરોને ત્યા ઈક્રમટેક્સ વિભાગની નોટિસ પહોચે છે તો આ ચોકાવનારા સમાચાર હોય છે પરંતુ મથુરામાં એક ગરીબ રિક્ષાવાળા આ ફેરમાં ફસાઇ ગયો હતો. મથુરામાં રિક્ષા ચલાવીને જીવન વિતાવનારા પ્રતાપસિંહના ઘરે ૩ કરોડ રૂપિયાનું ઈક્રમટેક્સ બાકી હોવાની નોટિસ પહોચી હતી.

કિસ્સા નંબર બે મુજબ સામાન્ય રીતે ઘરનું લાઈટ બિલ જો એસી વપરાતું હોય તો ૫થી ૧૦ હજારની અંદર આવતું હોય છે, પરંતુ એક ઘરમાં તો ૩૪૧૯ કરોડ રૂપિયાનું બિલ આવતા ઘરના સભ્યોને ભારે આંચકો લાગ્યો હતો. આવામાં ઘરના હૃદય રોગના દર્દીની તો તબિયત પણ લથડી પડી હતી અને તેમને તાત્કાલિક દવાખાને લઈ જવાની નોબત આવી હતી. ગ્વાલિયરની શિવ વિહાર કૉલોનીમાં પોતાના ઘરે આવેલું બિલ જોઈને પ્રિયંકા ગુપ્તાનું પણ બ્લડ પ્રેશર વધી ગયું હતું અને તેમના સસરાની તબિયત ખરાબ થઈ ગઈ હતી.

લોચા નંબર ત્રણ મુજબ બિહારના લખીસરાય બડહિયા નગરના વોર્ડ નંબર બેમાં રહેતા ખેડૂત સુમન કુમારના ખાતામાં અચાનક ૬૮૩૩ કરોડ રૂપિયા જમા થયા હતાં. આટલી મોટી રકમ તેના ખાતામાં કઇ રીતે આવ્યા કોને મોકલ્યા તેની જાણકારી સુમનને નથી.૧૩ દિવસથી આ રકમ તેમના ખાતામા છે. સુમનને ડર પણ લાગી રહ્યો છે. આ જ કારણથી તે રૂપિયા ઉપાડી રહ્યાં નથી.સુમન કુમારે જણાવ્યું હતું કે તેમના કોટક સિક્યુરિટીઝ બેંકના ટ્રેડિંગ એકાઉન્ટમાં ૨૬ જુલાઈની સવારે ૧૧ વાગ્યાને ૨૦ મિનિટ પર આ રકમ અચાનક જમા થઇ હતી. ખાતામાં રકમ જમા થયાનો મેસેજ આવતા જ તે ચોંકી ગયા હતાં.જો કે , તેમણે ખાતામાંથી એક રૂપિયો પણ ઉપાડયો નથી. આ રકમ ક્યાંથી આવી કોણે મોકલી તે અંગેની માહિતી સુમન કે તેમના પરિવારજનો પાસે નથી.

" રાજુ, તારા ખાતામાં આટલા બધા રૂપિયા જમા થઇ જાય તો શું કરે?"મેં રાજુ રદીને પૂછ્યું .

" ગિરધરભાઇ. હું પહેલાં સ્વિસ બેંકમાં ખાતું ખોલાવી લઉં અને છડેચોક રૂપિયા ૬૮૩૩ કરોડમાંથી વીસ-ત્રીસ કરોડ પોકેટમની તરીકે રાખી બાકીની તમામ રકમ સ્વિસ બેંકમાં ટ્રાન્સફર કરાવી લઉં.

પછી ઈડી -ઈક્રમ ટેકસવાળા ભલેને જખ મારતા!! પછી કોઇ અદાણી -અંબાણીનું ચાર્ટર વિમાન ભાડે લઇને ટેક્સ હેવન કન્ટ્રીઝમાં રાજયાશ્રય લઇ લઉં!!"રાજુએ અપેક્ષા કરતાં વધું સટિક જવાબ આપ્યો.

'કવાઇટ ઈમ્પ્રેસિવ' એમ કહીને માથું ધુણાવતા મેં રાજુના ઘરેથી વિદાય લીધી.

ભરત વૈષ્ણવ
૧૧.૮.૨૦૨૨.

# જમ્મુ કાશ્મીરમાં વધુ એક પ્રવાસીની ગોળી મારીને હત્યા, બિહારનો રહેવાસી હતો

શ્રીનગર,તા.૧૨

જમ્મુ કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં આતંકવાદીઓએ શુક્રવારે પ્રવાસીની ગોળી મારીને હત્યા કરી દીધી છે. મૃતકની ઓળખ બિહારના ૧૯ વર્ષીય યુવક મોહમ્મદ અમરેજના રૂપમાં થઈ છે. પોલીસના મતે આ ઘટના બાંદીપોરા જિલ્લાના સદુનારા ગામમાં બની છે. અમરેજ મધેપુરા જિલ્લાના બેસાઢ ગામનો રહેવાસી હતો. તેના પિતાનું નામ મોહમ્મદ જલીલ બતાવવામાં આવી રહ્યું છે. અમરેજ કાશ્મીરમાં મજૂરી કરવા માટે આવ્યો હતો. આ વિશે વધારે માહિતી મેળવવામાં આવી રહી છે.

જમ્મુ કાશ્મીર પોલીસના હવાલાથી જણાવ્યું કે બાંદીપોરાના સુંબલમાં આતંકવાદીઓએ બિહાર નિવાસી પ્રવાસી મજૂર પર ગોળીઓ ચલાવી હતી જેમાં તે ઈજાગ્રસ્ત થયો હતો. મજૂરને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યા તેનું મોત થયું હતું. આ પહેલા ૪ ઓગસ્ટે પુલવામાના ગદુરા વિસ્તારમાં આતંકીઓના ગ્રેનેડ હુમલામાં પ્રવાસી મજૂરનું મોત થયું હતું.

આતંકવાદીઓ દ્વારા ઘાટીમાં ગૈર કાશ્મીરીઓની હત્યાઓનો સિલસિલો યથાવત્ છે. ઓપ્રિલમાં દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના કાકરાન વિસ્તારમાં આતંકવાદીઓએ એક વ્યક્તિની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. જેની ઓળખ સતીશ સિંહ રાજપૂત તરીકે થઇ હતી.

કાશ્મીર ઘાટીમાં સક્રિય આતંકવાદી સંગઠનોએ ગૈર સ્થાનીય લોકોને ચેતવણી પણ આપી હતી કે અહીંથી ચાલ્યા જાવ. પ્રધાનમંત્રી પુર્વવાસ પેકેજ અંતર્ગત ઘાટીમાં રહેલા કાશ્મીર પંડિત સમુદાયના સરકારી કર્મચારીઓને પણ આતંકવાદીઓ દ્વારા નિશાન બનાવવામાં આવી રહ્યા છે. કાશ્મીર ઘાટીમાં ટાર્ગેટ કિલિંગ્સના કારણે સરકારી કર્મચારી, પ્રવાસી મજૂર ભયમાં છે. ગત દિવસોમાં આતંકવાદીઓ ટીવી આર્ટિસ્ટ, બેંક કર્મી, સરકારી કર્મચારીઓને પણ નિશાન બનાવી રહ્યા છે.

છેલ્લા કેટલાક મહિનામાં આતંકવાદીઓ દ્વારા ગૈર કાશ્મીરીઓ અને કાશ્મીર પંડિતોની ટાર્ગેટ કિલિંગે ચિંતા વધારી દીધી છે. ગત માર્ચ-એપ્રિલમાં ૨૬ દિવસોમાં ટાર્ગેટ કિલિંગની ૧૦ ઘટનાઓ સામે આવ્યા પછી કાશ્મીર પંડિયો અને પ્રવાસીઓએ ઘાટીમાંથી પલાયન શરુ કરી દીધું હતું. છેલ્લા કેટલાક મહિનામાં જમ્મુ કાશ્મીરમાં ટાર્ગેટેડ કિલિંગ અલ્પસંખ્યકો, પ્રવાસીઓ અને સુરક્ષા કર્મીઓને નિશાન બનાવવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યા છે.

# વડાપ્રધાન જણાવે કે શું અગ્નિપથ પણ રેવડી નથી : જયંત ચૌધરી



નવીદિલ્હી,તા.૧૨

‘રેવડી કલ્ચર’ એટલે કે મફત યોજનાઓ પર પ્રતિબંધની માંગને લઈને સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. આ દરમિયાન ઈન્ફ્ઢ ચીફ જયંત ચૌધરીએ સીજેઆઈ પર જ સવાલ ઉઠાવ્યા છે. જયંત ચૌધરીએ ટ્વીટ કરીને પૂછ્યું છે કે માનનીય ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયાને કઈ ‘ફ્રીબી’ મળે છે.જયંત ચૌધરીએ આ મામલે એક પછી એક અનેક ટ્વિટ કર્યા છે. તેમણે ટ્વીટ કરીને પૂછ્યું કે, “વડાપ્રધાન જણાવે કે શું અગ્નિપથ પણ રેવડી નથી?”

સુપ્રીમ કોર્ટમાં મફત યોજના વિરુદ્ધ અરજી દાખલ કરવામાં આવી છે. એટલે કે ચૂંટણી પહેલા મતદારોને રીઝવવા માટે ‘ફ્રી’નું વચન આપતી રાજકીય પાર્ટીઓ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી છે. આ અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે કહ્યું હતું કે ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો દ્વારા ભેટનું વચન અને વિતરણ એક ગંભીર મુદ્દો છે. તેનાથી અર્થતંત્રને નુકસાન થઈ રહ્યું છે. આ પહેલા પીએમ મોદીએ પણ રેવડી કલ્ચરને લઈને વિપક્ષી પાર્ટીઓ પર નિશાન સાધ્યું છે.

હવે જયંત ચૌધરીએ આ મામલે સવાલો ઉઠાવ્યા છે. સુપ્રીમ કોર્ટમાં, કેન્દ્રએ સીજેઆઇને કહ્યું કે ચૂંટણી દરમિયાન આપવામાં આવેલા મોટા ભાગના વચનો મેનિફેસ્ટોનો ભાગ નથી, તેમણે ટ્વિટ કર્યું. ભાજપ માટે આ સાચું હોઈ શકે, પરંતુ તે આપણા માટે નથી. અમે વિધાનસભા ચૂંટણીમાં રેલીઓ દરમિયાન આપેલા તમામ વચનોને ઢંઢેરામાં સામેલ કર્યા હતા.રાજ્યસભાના સાંસદ જયંત ચૌધરીએ કહ્યું કે, જ્યારે પાર્ટીઓ તેમનો ઢંઢેરો જાહેર કર્યા વગર પ્રચાર શરૂ કરે છે, ત્યારે જ આ સમસ્યાઓ ઊભી થાય છે. અમે નિષ્ણાતો અને જાહેર પ્રતિસાદના આધારે સમયસર ઢંઢેરો જાહેર કર્યો હતો, જેથી મતદારો મુખ્ય મુદ્દાઓને સમજી શકે.

## લજવાઈ

સરિતા સુકાઈ ગઇ છે,
વનિતા વંકાઈ ગઈ છે.
આટલું ઓછું હોય તેમ,
કવિતા રીસાઈ ગઈ છે.
ગમે તેટલી માવજત કરો,
દુહિતા તરડાઈ ગઇ છે.
આશાની પાતળી દોર તૂટી,
વિરહીતા ફસડાઈ ગઈ છે.
ત્યક્તા બંધિયાર રહી ,
એટલે અકળાઈ ગઇ છે.
કેટલી મનોહર દશ્યાવલિ,
સદ્યસ્નાતા લજવાઈ ગઇ છે.
ભરત વૈષ્ણવ
૧૧.૮.૨૦૨૧.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



***NOG SS NO.0081***

પ્રકાર:પદ્ય
વિષય: મનોકામના
શીર્ષક : અનાવિલ મન

મન એ તો સાગર જેવું, કદીયે નવ ધરાય,
સરિતા હોય છલકતી, ઉભરાતી તોય એમાં સમાય.
મનની કામના અસીમ, ચાહે સૌ? સુખ સદા,
કોઈ ચાહે ધન,દોલત કોઈનું મન ચાહે હૂંફ,માયા.
મન કોઈનું ઉડવા ચાહે?, કરવા મથે આભ પોતીકું,
કોઈ નવ ચાહે? આ સૌ નશ્વર,ચાહે જણસ ઈશ શરણની.
મનની કામના અપાર, એક જણની અનેક એ તો,
સ્વ સાથે પર નું ?વિચારે, વતન માટે અર્પે પ્રાણ એ સૌ.
મનને ચકાસતાં રહીએ,કામના એની રહે કામ રહિત,
ચાહે નવ એ કદી બૂરું, મનથી રહે? એ સદા અનાવિલ.

અનાવિલ= સ્વચ્છ
ઈશ્ર? માયા દેસાઈ
મુંબઈ ભારત.

---

**NOG SS No ; 0089**

વિષય મનોકામના
શીર્ષક ઉડાન
ગદ્ય
—

મન શરીરનું કોઈ અંગ નથી. તેનું સામ્રાજ્ય અત્ર તત્ર સર્વત્ર છે. તેમાં શંકાને સ્થાન નથી.

મનને પાંખ નથી પણ ઉડી શકે છે. તેને આંખ નથી પણ નિહાળે છે. એ મન કામના કરવામાં પણ પાવરધું છે.

મન, કામના ફળીભૂત કરવા તનતોડ પ્રયત્ન પણ કરે છે. મન કામના ન કરે તો નવાઈ લાગે. મનના અતલ ઊંડાણમાંથી માનવ કુબેરનો ખજાનો મેળવવા સમર્થ છે.

બાળપણમાં ડોકટર બનવાની કામના સેવી હતી. ઉંમર સાથે તીવ્રતા તેજ બની. સંજોગોને કારણે ન બની શકી તો સમજૂતી કરી.

સંસારમાં રહી બંને બાળકો દ્વારા એ કામના હકીકતમાં પરિણમી.

આપણે સહુ જાણીએ છીએ મન ચંચળ છે. બીજું પાસુ નિરખીએ તો મન મક્કમ પણ છે. આ જગે કશું અશક્ય નથી. બસ અવિરત પ્રયાસ જારી રહેવા જોઈએ. મનને નાથવાનો પ્રયત્ન સતત

ચાલુ રહે તે જરુરી છે.

૨૦ વર્ષ પહેલાં કૃષ્ણ ભગવાન પર ચાર રાસ લખ્યા હતાં. મનેકામના હતી તેને કોઈ સારા ગાયક પાસે ગવડાવી લય બદ્ધ કરાવવા.આજે એ કામના હકીકત બની.

મિત્રો મન અને કામના સિક્કાની બે બાજુ છે. સિક્કાની બાજુ ફેરવતા સમય જરુર લાગે , ફરે ત્યારે આખું દ્રશ્ય આહ્લાદક બની જાય.

મનને આધિન ન થવું. મનને નાથવું . જુઓ જીવનમાં મેઘધનુના રંગ નિખારશે. મનોકામના પર વિજય એ જીવન જીવવા જેવું બનાવે છે. એક જીવન જીવવાનું છે, ભરપૂર જીવો .

---

**NOG.SS.NO:- 0032**

વિષય:- મનોકામના
શીર્ષક:- રાધાની ખુશી

"તારો હાથ અને હું
મારો સાથ અને તું
સદા બહાર"

રાધા આજ ખૂબજ ખુશ હતી એની ‘મનોકામના’ પૂરી થતી દેખાતી હતી...

નાના ગામડામાં ભણેલી દીકરી ગોરેવાન
સુશીલ અને મહેનતુ.સારા ઘરનું માંગું
આવ્યુ હતું રાધા માટે. આજે જાણે
સોનાનો સૂરજ ઉગ્યો હતો.મનમાં ફૂલી
સમાતી નહોતી.
અમદાવાદથી રવિકુમાર પટેલ જેની
PSI માં જોબ હતી. એક મેળાવડામાં
રાધાને જોઈ હતી ત્યારથી એના મગજ પર છવાયેલી હતી.તપાસ કરતાં જાણવાં મળ્યુ કે નાના એવા ગામની દિકરી છે .પણ સંસ્કારી અને ગુણીયલ છે.

અચાનક મુલાકાત ગોઠવાઈ અને એકબીજા ને
ગમી ગયું. સગાઈનો દિવસ નકકી થયો અને
એ દિવસ આવી પહોંચ્યો. જે દિવસની રાધા
મીટ માંડીને બેઠી હતી. શુભમુહર્તનો સમય થયો
અને રવિકુમારે, રાધાના મેંદીવાળા હાથની આંગળી એ સગાઈની વીંટી પહેરાવી.

રાધા એ રાતે જાણે વિચારોમાં સૂઈ ના શકી
ક્યારેય મોટા શહેરમાં વહુ બની જવાનું થશે
એવું સપને પણ વિચાર્યું નહોતુ.આજ પણ જાણે સપનું લાગતુ હતું કે રવિ એ એની આંગળીમાં વીંટી પહેરાવી છે કે પછી....?

રાધા મનમાને મનમાં ગણગણી ઉઠી.
"તારો એ હાથ માંગું છું...
જિંદગીભરનો સાથ માંગું છુ.
સપનામાં સંગાથ માંગુ છુ...
આજની ઘડી એ તારો સંવાદ માંગું છુ."

મીના માંગરોલીયા. મીનુ
અમદાવાદ
૧૦/૮ /૨૦૨૨

---

**[NOG SS NO : 117**

વિષય : મનોકામના

’ ઈચ્છાઓની દફનવિધિ ’

સાંજના છ વાગ્યાનો સમય હતો.અમદાવાદના ભીડભાડ વાળા રસ્તાઓ અને ટ્રાફિકથી બચીને સંજના બગીચા માં આંટો મારવા આવી.તે થોડી વાર આંટો મારીને થાક ખાવા ત્યાંના બાંકડે જઈને બેઠી.અને કંઈક વિચારોમાં ખોવાઈ ગઈ.એટલી તલ્લીન થઈ ગઈ કે,સાત ક્યાં વાગી ગયા તેની તેને ખબર જ ન રહી.ત્યાં બગીચામાં રોજ આવતા ભદ્રાબાએ સંજનાને જોઈ.તેને આટલી વિચારમગ્ન જોઈને તેની પાસે ગયા અને બોલ્યા,

"બેટા,ક્યાં આટલી ખોવાઈ છે ? ક્યારની સામે બેઠી બેઠી તને જોઈ રહી છું.આટલું તો શું વિચારે છે ?"

"તમે ? હું તો તમને નથી ઓળખતી."

"હું ભદ્રા. અહી રોજ સાંજે ચાલવા આવું છું.તને આજે જ જોઈ.અને આટલી વિચારમગ્ન હતી એટલે પૂછવાનું મન થયું.કંઈ પરેશાની હોઇ તો જણાવી શકે છે."

"હમ;બેસો."

"શું થયું ?"

"સમજાતું નથી કે શું કરું ?સાસુ - સસરાની,બાળકોની, પતિની, ઓફીસ માં બોસ ની, દરેક ની મારા પ્રત્યે ઈચ્છાઓ કંઈક અલગ અલગ જ છે.બધા ઈચ્છે છે કે હું દરેકની ઈચ્છા પુરી કરું.બને એટલો બધો જ પ્રયત્ન કરું છું પણ, કોઈકની ને કોઈકની ઈચ્છા અધૂરું રહી જ જાય છે.અને અંતે તેમના દિલ દુભાવી બેસુ છું.દરેકની ઈચ્છા પૂરી કરવામાંને કરવામાં દિવસ ક્યાં પસાર થઈ જાય છે એની ખબર જ નથી રહેતી.અને મારી ઈચ્છાઓને પુરી કરવાનો તો દૂર દૂર સુધી કોઈ અવકાશ જ નથી રહેતો."

(ભદ્રા બા હસી પડે છે.)

"આનું નામ જ સંસાર છે.દરેકની ઈચ્છાઓ અને મનોકામના પુરી કરવામાં જ આપણી સ્ત્રીઓની ઝીંદગી પસાર થઈ જાય છે.પોતાની ઈચ્છાઓને તો એ હર એક દિન દફન કરતી આવી છે.ક્યારેક પોતાને ભાવતું બનાવવું હોઈ,અને ઘરના કોઈએ બીજી વસ્તુ બનાવવા કહ્યું તો પોતાની ભાવતી વસ્તુની ઈચ્છાને ભૂલીને એમનું ભાવતું બનાવશે. ક્યારેક પોતાને સહેલી સાથે જવાનું હોઈ અને અચાનક કોઈક મહેમાન આવી જાય તો જવાનું કેન્સલ. પરિવાર અને સંબંધોને સાચવવા ન ગમતું કામ પણ કરવું પડે છે.અને એમાં આપણી ઈચ્છાઓ તો વરસાદના પાણીની માફક હૃદયના ભુગર્ભ માં સમાઈ જતી હોઈ છે.આ કોઈ એક સ્ત્રીની નહિ પરંતુ દરેક સ્ત્રીની હકીકત છે."

"હું પણ સમજી શકું છું. પણ ક્યારેક આ બધામાંથી મુક્ત થવા માંગુ છું."

"હા, મે પણ ઝીંદગીના ૬૫ વર્ષ આવી જ રીતે બધાની ઈચ્છાઓને પુરી કરવામાં વિતાવ્યા છે.પોતાની ઈચ્છા અને મનોકામના માટે એક ક્ષણ નો પણ સમય નથી કાઢ્યો.અને હવે રોજ અહીંયા શાંતિનો શ્વાસ લેવા આવું છું."

(બંને એકબીજાની સામે જોઈને હસી પડે છે.)

- મેઘના કામદાર
અમદાવાદ.

---

**: *NOG SS No* : *0110***

પ્રકાર : ગદ્ય- લઘુ વાર્તા
વિષય : મનોકામના
શબ્દો: ૩૪૬
શીર્ષક : ’રાંકનું રતન’
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

રૂડો, ગામમાં મોચીનું કામ કરતો અને પોતાના કુટુંબનો નિર્વાહ ચલાવતો. રૂડો અને તેની પત્ની ભલી બંને સંતોષી જીવ. નાનકડા ગામમાં પોતાના કામમાંથી તેનું ગુજરાન ચાલી જતું. દેવનો દીધેલો એકનો એક દીકરો હરિ, શાળાએથી પાછો આવતાં જ પિતાને તેમના કામમાં મદદ કરવા જોડાઈ જતો. હરિ ભણવામાં ખૂબ તેજસ્વી હતો. નમ્ર અને વિવેકી પણ એટલો જ. ગામના લોકો હરિને ખૂબ પ્રેમ કરતા.

રૂડો અને ભલી વિચારતાં કે ભગવાને આટલો હોનહાર દીકરો આપ્યો છે, તેનું ભવિષ્ય બનાવવા માટે આપણે શું કરશું? આપણે તો આ બુટ જોડાથી આગળ દુનિયા જોઈ નથી. માતા-પિતા તરીકે તેમના મનમાં એક જ મનોકામના હતી કે હરિ મોટો થઈને ખૂબ મોટો અધિકારી બને, ખૂબ નામના મેળવે અને આ ગામનું ઉત્થાન કરે. તેના નામ પર પોતે ગર્વ કરી શકે.

શાળાના શિક્ષણ પછી પૈસાની તંગી હોવાથી ગામ લોકોએ મદદ કરીને હરિને શહેરની કોલેજમાં ભણવા મોકલ્યો. શિક્ષણમાં અવ્વલ નંબરે રહી સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા આઈ.એ.એસના પદ ઉપર નિમણૂંક મેળવી. આ સમાચાર સાંભળી રૂડો અને ભલી તો હર્ષના માર્યા ઘેલા થઈ ગયા. હરિ જ્યારે ગામમાં આવ્યો ત્યારે ગામલોકોએ એનું ઢોલ નગારા સાથે સ્વાગત અને બહુમાન કર્યું. રૂડા અને ભલી માટે આ બધું જાણે દિવાસ્વપ્ન હતું.

હરિ સૌપ્રથમ આવીને રૂડા અને ભલીને ભેટીને પગે લાગ્યો અને કહ્યું ’બસ હવે તમારા સુખના દિવસો શરૂ. મને શહેરમાં ખૂબ મોટો બંગલો રહેવા માટે મળ્યો છે. હવે તમે બંને મારી સાથે ત્યાં રહેશો.’ રૂડા અને ભલીએ શહેરમાં આવવા ઘણી આનાકાની કરી કહ્યું ’અમે ગામડાના મોચી માણસ. અમને વાત કરતા ન આવડે અને તું મોટો સાહેબ. તારી આજુબાજુ કેટલાય ભણેલા ગણેલા માણસો હોય. અમારી હાજરીથી તારી આબરૂ લજવાય.

અમે અહીં ગામડામાં જ ઠીક છીએ.’ હરિએ એક જ જવાબ આપ્યો ’મારા માતા-પિતા મારા પહેલા ભગવાન છે. તમે મને ઉછેર્યો, મને સંસ્કાર આપ્યા. હવે એ સંસ્કારને દિપાવવાનો સમય મારો છે. તમારે બંનેએ મારી સાથે જ રહેવાનું છે.’

જોતજોતામાં હરિ તેની તેજસ્વિતા,વિવેક અને નમ્રતાને કારણે લોકોમાં અને સરકારી માળખામાં ખૂબ પ્રિય થઈ ગયો. તેના ગામની તો તેણે કાયાપલટ કરી દીધી. શાળા, રસ્તાઓ, હોસ્પિટલ અને એવી કંઈક કેટલીય પ્રાથમિક સવલતો ગામમાં ઊભી થઈ ગઈ. ગામના લોકો હરિના કામથી ખુબ ખુશ હતા. રૂડો અને ભલી તો બે હાથ જોડીને પોતાની મનોકામના આટલી સારી રીતે પૂર્ણ કરવા માટે ઈશ્વરનો સદૈવ આભાર માની રહ્યા.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૧૨ ઓગસ્ટ ૨૦૨૨

# મહારાષ્ટ્રમાં હવે ચૂંટણી થાય તો મહાવિકાસ આઘાડી ૪૮માંથી ૩૦ બેઠકો જીતી શકે છે

### સર્વેનું માનીએ તો આવનારી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં એનડીએની મુશ્કેલીઓ વધતી જોવા મળી રહી છે.

મુંબઈ,તા.૧૨

મહારાષ્ટ્રની શિંદે-ફડણવીસ સરકાર માટે ચિંતાજનક સમાચાર છે. એક સર્વે અનુસાર, જો મહારાષ્ટ્રમાં અત્યારે લોકસભાની ચૂંટણી યોજાય છે તો મહાવિકાસ અઘાડી એટલે કે શિવસેના, કોંગ્રેસ અને એનસીપી ૪૮માંથી ૩૦ સીટો પર સાથે મળીને ચૂંટણી લડે તો જીત મેળવી શકે છે. બીજી તરફ એનડીએ એટલે કે શિંદે-ફડણવીસ જૂથને ૧૮ બેઠકોથી સંતોષ માનવો પડી શકે છે. આ સર્વે ઈન્ડિયા ટીવી અને સી વોટર્સ દ્વારા કરવામાં આવ્યો છે. સર્વેનું માનીએ તો આવનારી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં એનડીએની મુશ્કેલીઓ વધતી જોવા મળી રહી છે.

શિવસેના સામે બળવો કર્યા બાદ બીજેપી સાથે શિંદે જૂથે ૩૦ જૂને મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. હાલમાં એકનાથ શિંદેને ૫૦ ધારાસભ્યોનું સમર્થન છે. જેમાં શિવસેનાના અપક્ષ અને બળવાખોર ધારાસભ્યો સામેલ છે. હાલમાં દેવેન્દ્ર ફડણવીસને નાયબ મુખ્યમંત્રી પદથી સંતોષ માનવો પડ્યો છે. જ્યારે તેમણે અગાઉ ઘણી વખત પુનરોચ્ચાર કર્યો હતો કે તેઓ ટૂંક સમયમાં મુખ્ય પ્રધાન તરીકે પાછા ફરશે.

સર્વે મુજબ રાજ્યની શિંદે ફડણવીસ સરકાર લોકોને પસંદ આવી નથી. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૯માં ભાજપ અને શિવસેનાએ સાથે મળીને લોકસભા ચૂંટણી લડી હતી. ત્યારબાદ તેમણે મહારાષ્ટ્રની ૪૮ લોકસભા સીટોમાંથી ૪૨ સીટો જીતી. જો કે હાલમાં ભાજપ અને શિંદે જૂથ અનુકૂળ જણાતું નથી. જો આ સમયે ચૂંટણી યોજાય તો તેઓ ૪૮માંથી માત્ર ૧૮ બેઠકો જીતે તેવી શક્યતા છે. જ્યારે ૩૦ બેઠકો છે, તે સીધી મહાવિકાસ અઘાડીના ખાતામાં જતી જોવા મળી રહી છે.

મહારાષ્ટ્રમાં નવી સરકાર બન્યા બાદ શિંદે જૂથ અને ભાજપના સાંસદોની સંખ્યા ૩૬ પર પહોંચી ગઈ છે. જ્યારે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના પાસે હવે માત્ર ૬ સાંસદો બચ્યા છે. પરંતુ સર્વે મુજબ જો વર્તમાન સમયે ચૂંટણી યોજાય તો આ ગણિત પલટાઈ શકે છે. તેમજ મહાવિકાસ આઘાડી મહારાષ્ટ્રમાં જોરદાર જીત નોંધાવી શકે છે. અત્યારે જે ચૂંટણી થઈ રહી છે તેના પરિણામ એ પણ આવશે કે ભાજપની સીટોમાં સીધો ૫૦ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. જે ભાજપ માટે મોટો ઝટકો સાબિત થશે.

હાલમાં સુપ્રીમ કોર્ટ અને ચૂંટણી પંચમાં ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે જૂથ વચ્ચે લડાઈ ચાલી રહી છે. જો સુપ્રીમ કોર્ટ એકનાથ શિંદે જૂથના ધારાસભ્યોને અયોગ્ય ઠેરવે નહીં તો શિવસેના ઉદ્ધવ ઠાકરેના હાથમાંથી બહાર આવી શકે છે.

જેની સીધી અસર આગામી લોકસભા ચૂંટણીના પરિણામો પર પડશે. આવી સ્થિતિમાં મહારાષ્ટ્રના રાજકારણમાં નવા સમીકરણો પણ રચાઈ શકે છે.

# વિશ્વમાં મહિલા પાયલોટની સંખ્યમાં ભારત અવ્વલ

નવીદિલ્હી,તા.૧૨

ભારતમાં મહિલા સશક્તિકરણ માટે ચલાવવામાં આવી રહેલા અભિયાનોની અસર હવે દેખાઈ રહી છે. જે દેશ વૈશ્વિક લિંગ સમાનતા રેક્િંગમાં ૧૪૬ દેશોમાંથી ૧૩૫માં ક્રમે છે, તે દેશમાં મહિલા પાઈલટોની બાબતમાં સમગ્ર વિશ્વને પાછળ છોડી દીધું છે. ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ વુમન એરલાઇન પાઇલટ્સે એક રિપોર્ટ જાહેર કરીને આ જાણકારી આપી છે.

આંકડા અનુસાર, વિશ્વમાં કુલ પાયલોટ્સમાંથી ૫.૮ ટકા મહિલાઓ છે. મહિલા પાયલોટના મામલે ભારતે વિશ્વની સરેરાશને પાછળ છોડી દીધી છે. ભારતમાં મહિલા પાયલોટનું પ્રમાણ ૧૨.૪ ટકા છે, જે વિશ્વમાં સૌથી વધુ છે.જે ફિલ્ડમાં પુરુષોનો ઈજારો માનવામાં આવતો હતો, આજે ત્યાં પણ મહિલાઓએ પોતાનું કૌવત બતાવ્યું છે. જી્ઈસ્અને ટેકનિકલ ક્ષેત્ર તેમના માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ભારતીય સશસ્ત્ર દળોમાં પણ મહિલા પાયલોટની ભરતીમાં તેજી આવી છે.

રિપોર્ટ અનુસાર ભારતીય મહિલા પાયલટોને તેમના પરિવાર તરફથી પણ સંપૂર્ણ સમર્થન મળી રહ્યું છે. આ કારણોસર, મહિલાઓ એવી નોકરીમાં ભાગ લઈ શકે છે જ્યાં મોટાભાગનો સમય પરિવારથી દૂર પસાર કરવો પડે છે.

ઉલ્લેખનીય છે કે પ્રાદેશિક એરલાઇન્સ વિશ્વભરમાં મોટાભાગે મહિલાઓને રોજગારી આપે છે. મહિલા પાયલોટમાં તેમનો હિસ્સો ૬.૪ ટકા છે.



નાના ચિલોડા સરદાનગર વોર્ડ નાના ચિલોડા ખાતે આવેલ લક્ષ્મી નગર વિભાગ ૨ મહિનાઓ સુધી ગટર વરસાદના પાણી ભરાતા પ્રજા ત્રાહિમામ:- નાના ચિલોડા ખાતે લક્ષ્મી નગર વિભાગ ૨ માં ગટર તેમજ વરસાદના પાણી બે ફૂટ સુધી ભરાઈ જતાં પ્રજાને બહાર નીકળવામાં તેમજ શાળામાં જતાં જ વિદ્યાર્થીઓને બહુ જ મુશ્કેલી પડી રહી છે તંત્રને વારંવાર રજુઆત કરવા છતાં કોઈ પણ જાતુ નિરાકરણ લાવી શકતા નથી ચૂંટણી ટાઈમે આવતા તમામ પક્ષના નેતાઓ આવી ને ઠાલા વચનો આપીને જતા રહે છે પણ લક્ષ્મી નગર વિભાગ ૨ માં કેટલો મહિનાથી આ સમસ્યા છે પણ એક પણ નેતા જોવા પણ આવતા નથી ગટરનું પાણી તેમજ વરસાદી પાણી ભરાઈ જવા રોગચાળો ફાટી નીકળશે તો જવાબદાર કોણ કોર્પોરેશનના તંત્રમાં પણ વારંવાર રજૂઆત કરવા છતાં કોઈપણ

## અમીરગઢમાં વરસાદી પાણીનો નિકાલ ના થતાં લોકોના ઘરોમાં પાણી ઘૂસ્યા



**હવામાન વિભાગ ની આગાહી હોવા છતાં તંત્ર નિષ્ક્રિય સાબિત થયુ**

ન્યુઝ ઓફ ગાંધીનગર બનાસકાંઠા બ્યુરો,

બનાસકાંઠામાં આમ તો દરેક તાલુકામાં પુરતો વરસાદ છે. જોકે, અમીરગઢમાં હાથતાળી આપતો વરસાદ ગત રાત્રે આવ્યો હતો. જોકે, માત્ર દોઢ ઈંચ વરસાદથી પણ ચાંદની ચોકનીમાં પાણી ભરાતા ઘરોમાં પાણી ઘૂસ્યા હતા. ચાંદની ચોકની આ સમસ્યા સતત રહેતા લોકોએ ગ્રામપંચાયતમાં અસંખ્ય રજૂઆતો કરવા છતાં લોકોની સમસ્યા હલ ન થતાં આખરે વરસાદી પાણી ભરાતા લોકો હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

હવામાન વિભાગની આગાહીને પગલે રાજ્યભરમાં વરસાદી માહોલ છવાયો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં ક્યાંક ધોધમાર તો ક્યાંક ધીમીધારે મેઘરાજા હેત વરસાવી રહ્યાં છે. જોકે, ક્યાંક તંત્રની બેદરકારીના લીધે સ્થાનિકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આજે અમીરગઢમાં માત્ર દોઢ ઈંચ વરસાદમાં જ બચારોમાં નદીઓ વહેતી થઈ હતી. પાણીનો યોગ્ય નિકાલ ન હોવાથી લોકોના ઘરમાં પાણી ઘૂસ્યા હતા.



ઉના

હિતેષ જોષી,

ઉના તાલુકા કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટસ કોલેજ ઉનામાં અભ્યાસ કરતી કોલેજની બહેનોએ આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે 'હર ઘર તિરંગા લહેરાયેગા' નો સંદેશ આપતા તિરંગા મહારેલી કોલેજના સંકુલથી શરૂ કરેલ. કોલેજના પ્રિન્સિપાલ ડોક્ટર મનીષભાઈ પારેખે પ્રસ્થાન કરાવેલ, જે ઉના ના ઉબડ -ખાબડ રસ્તાઓ ત્રિકોણબાગ, બસ સ્ટેન્ડ નગરપાલિકા ભવન ,તેમજ શહેરના મુખ્ય માર્ગો પર ફરી ,તારીખ ૧૩,૧૪,અને ૧૫ મી ઓગસ્ટે તમામ વેપારીઓએ દરેક દુકાને તથા ઘરે તિરંગા ધ્વજ ફરકાવી રાષ્ટ્રીય ફરજ બજાવવા અપીલ કરી હતી સમગ્ર રેલી નું સંચાલન ડોક્ટર પ્રાધ્યાપક લલિતભાઈ બારૈયા એ કરેલ હતું.

# સિધ્ધપુરમાં સામાજિક અગ્રણી રણજીતસિંહ સોલંકી અને મિત્રો દ્વારા તિરંગા વિતરણ કાર્યક્રમ યોજાયો




સિધ્ધપુર,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકાર દ્વારા સ્વાતંત્રતા ના ૭૫ વર્ષની ભવ્ય ઉજવણી આઝાદીના અમૃત મહોત્સવની તમામ ભારતીયો ઉત્સાહ અને ઉમંગથી ઉજવણી કરે તથા પ્રત્યેક ઘરે તિરંગો લહેરાય તે માટે આહવાન કરવામાં આવ્યુ છે.

આ સંદર્ભે સિધ્ધપુરના યુવા અગ્રણી અને સામાજિક કાર્યકર રણજીતસિંહ સોલંકી, મિત્રો અને શિવમ પેલેસ પરીવાર દ્વારા રાષ્ટ્રધ્વજનું વિનામુલ્યે.પાંચ હજાર જેટલા જંડા વિતરણ કરવાનો એક ભવ્ય કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે દૂધસાગર ડેરીના ચેરમેન અશોકભાઈ ચૌધરી, સિધ્ધપુર નગરપાલિકા અધ્યક્ષા શ્રીમતિ કૃપાબેન આચાર્ય, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ નંદાજી ઠાકોર, ભાજપ અગ્રણી શંભુભાઈ દેસાઈ, ઠાકોર ક્ષત્રિય સમાજના આગેવાનો, ભાજપના પદાધિકારીઓ, સામાજિક અને રાજકિય આગેવાનો તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા.

વંદે માતરમ અને ભારત માતા કી જયના જયઘોષ ગૂંજી ઉઠ્યા હતા. સ્વખર્ચે આ દેશભકિતનું અભિયાન શરૂ કરનારા પ્રખર રાષ્ટ્રવાદી એવા રણજીતસિંહ તથા મિત્રોની સરાહનિય કામગીરી.

અહેવાલ .કમલેશ ગણવાની, સિદ્ધપુર

## સ્વતંત્રતાના ૭૫મા મહાન પર્વ નિમિત્તે



ઘર ઘર તિરંગાનો હર ઘર તિરંગા કાર્યક્રમ માં આલોક સંસ્થાન દ્વારા ગુજરાતી સમાજ ઉદયપુર થી કાર્યક્રમનું શુભારંભ કરવામાં આવ્યું અને ભારતીય પરંપરા મુજબ આલોક સંસ્થાની યુવતીઓએ ભાઈચારા દિવસ નિમિત્તે સમાજના મંગલ ભવનમાં રક્ષાસૂત્ર બાંધીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. આલોક સંસ્થાના ડાયરેક્ટર આદરણીય ડો. પ્રદીપ જી. કુમાવત અને સંસ્થાનો સ્ટાફ અને ગુજરાતી સમાજના પ્રમુખ રાજેશ બી. મહેતા, વરિષ્ઠ ઉપપ્રમુખ દિલીપભાઈ સોની, સેક્રેટરી દિનેશભાઈ પટેલ અને સહ સચિવ અતુલભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

# ધી ચાણસ્મા કોમર્શિયલ કો ઓપ. બેંક લિમિટેડ ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો,

આજ રોજ તારીખ ૧૨/૦૮/૨૦૨૨ ના રોજ ધી ચાણસ્મા કોમર્શિયલ કો- ઓપ. બેંક લી. ની ૪૮ મી વાર્ષિક સાધારણ સભા ભાનાણી સંસ્કાર ભવન ચાણસ્મા ખાતે સવારે ૯:૩૦ કલાકે પટેલ નિલેષકુમાર(બકાલાલ) કાંતિલાલ ચેરમેનશ્રી ના અધ્યક્ષ સ્થાને યોજાઈ.

ચેરમેને તમામને આવકારી બેંકનો ૪૮ મો વાર્ષિક અહેવાલ આપ્યો હતો.જનરલ મેનેજર અનિલકુમાર બી.પટેલ દ્વારા સાધારણ સભામાં અત્રે ઉપસ્થિત સર્વે સભાસદ ભાઈઓ અને બહેનોનું બોર્ડ ઓફ ડિરેક્ટર વતી સૌનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યુ હતુ.જનરલ મેનેજર અનિલ કુમારે જણાવ્યું હતું કે બેંકે ૪૮ વર્ષની લાંબી યાત્રા પૂરી કરેલ છે.હિસાબો ઉપર દ્રષ્ટિપાત કરતાં આપને જણાશે કે આપણી બેંકે સભાસદો, ગ્રાહકો અને કર્મચારીઓ ના સાથ અને સહકારથી સંતોષકારક પ્રગતિ કરી છે.વર્ષ ૨૦૧- ૨૨ સભાસદો:- ૮૮૧૧ છે. શેરભંડોળ:- રૂ. ૧૯૮.૩૪ લાખ, થાપણો:- રૂ. ૫૯૭૩.૭૬ લાખ,જયારે ધિરાણ :- રૂ.૩૦૭૧.૨૧ લાખ, અને બેંકનો નફો:- રૂ.૬૧.૦૮ લાખનો કર્યો હોવાનું જણાવ્યું હતું.

સાધારણ સભામાં વિશેષ ઉપસ્થિતિ ચેરમેનશ્રી નિલેશકુમાર કે.પટેલ (બકાલાલ), યોગેન્દ્રકુમાર કે. એમ.ડી.શ્રી, જગદીશભાઈ આર વાઈસ ચેરમેનશ્રી, તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ , અનીલકુમાર બી. પટેલ જનરલ મેનેજરશ્રી તેમજ બેંક ના સભાસદ ભાઈઓ- બહેનો ઉપસ્થિત રહ્યા હતા.અને આભાર વિધિ નિલેષકુમાર (બકાલાલ) પટેલે કરી હતી

# સિધ્ધપુર ની એમ.પી બાલમંદિર ખાતે આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે તિરંગા યાત્રા યોજાઈ




સિધ્ધપુર,

સિધ્ધપુર શહેરની રાજરત્નની શેઠશ્રી એમ.પી.કુમાર મંદિર ખાતે આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે હર ઘર તિરંગા અંતર્ગત રાષ્ટ્રભાવના, હર ઘર તિરંગાની જાગૃતિ અન્વયે તા. ૧૨ ઓગસ્ટના રોજ તિરંગા યાત્રા યોજાઈ. આ યાત્રાને સિધ્ધપુર શહેરના પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી. આચાર્ય એ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવેલ અને યાત્રામાં સંસ્થાના સેક્રેટરી પ્રફુલભાઈ મહેતા (અભ્યુદા ઈન્ડસ્ટ્રીઝ કારોબારી સભ્ય એડવોકેટ દિનેશભાઈ રાવલ, પંકજભાઈ શેઠ અને મોટી સંખ્યામાં સંસ્થાના પ્રાથમિક વિભાગના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

આઝાદીના ક્રાંતિકારીની વેશભૂષામાં, બાળકો જોડાયેલા જેમાં ઉંટલારી, ઘોડે સવારી અને બાળકો પગપાળા તેમજ રીક્ષામાં જોડાયેલા અને દેશભક્તિના ગીતો, સૂત્રોના ઉચ્ચાર વચ્ચે શહેરના મુખ્ય માર્ગ ઉપર આ તિરંગા યાત્રા ફરી હતી.

આ યાત્રાને સફળ બનાવવા માટે શાળાના હેડક્લાર્ક અને શાળા મંડળના સંયોજક જયેશ પંડયા, આચાર્યા અલ્પાબેન મહેતા, માધ્યમિક વિભાગના ભરતભાઈ, શૈલેષભાઈ, મુકેશભાઈ, સંજયભાઈ અને સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવેલ અને સુંદર આયોજન કરી આઝાદી અમૃત મહોત્સવ પ્રસંગને હર ઘર તિરંગા માટે વિધાર્થી -વાલી- નગરજનોને પ્રોત્સાહિત કરી રાષ્ટ્રભકિત ઉજાગર કરેલ.



આડેસર બજાર માં ગત તારીખ ૬ ના રોજ લાભશંકરભાઈ ખીમજી ઠક્કર ની દુકાન ની ગોડાઉન થયેલ ચોરી નો ભેદ માત્ર ૪ દિવસ માં ઉકેલી અને ચોરો ને પકડી પાડી માલ કબજે લઈ ઉત્તમ કામગીરી કરવા બદલ આડેસર પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ પી.એસ.આઈ શ્રી રાવલસાહેબ અને તેમની સમગ્ર ટીમ ને આડેસર ગામ અને આડેસર વેપારી એસોસિએશન આભાર સહ ખૂબ ખૂબ અભિનંદન

# આઝાદીના ૭૫ મા અમૃત મહોત્સવ અંતર્ગત ચાણસ્મા જી. આઈ.ડી.સી.માં તિરંગાયાત્રાનું આયોજન કરાયું



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો: આઝાદીના ૭૫ મા અમૃત મહોત્સવમાં ભારતના નાગરિકોમાં વધુ રાષ્ટ્રભાવના જાગૃત થાય,દેશ રાષ્ટ્ર ભક્તિમય બને તેવા ઉમદા હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાજ્ય સહિત દેશભરમાં આગામી તા.૧૩ થી ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ દરમિયાન હર ઘર તિરંગા અભિયાન યોજનાર છે.જે અંતર્ગત ચાણસ્મા જી.આઈ.ડી.સી.ના ઉદ્યોગકારો દ્વારા ત્રિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રા ચાણસ્મા જી. આઈ.ડી.સી.માંથી થઈ ચાણસ્મા - હારીજ હાઈવે થઈ પરત જી. આઈ.ડી.સી.ખાતે સંપન્ન થઈ હતી.જેમાં મુખ્ય રાજુભાઈ પટેલ (જય વીર) વાળા જી.આઈ. ડી.સી. એસોસિએશનના પ્રમુખ,પ્રવીણભાઈ પટેલ મંત્રી,અશોકભાઈ પટેલ ઉપપ્રમુખ, રામભાઈ પટેલ તેમજ જી.આઈ.ડી.સી.ના ઉદ્યોગકારો મોટી સંખ્યામાં જોડાયાં હતાં.

# અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ઓઢવના પર્યાવરણ મંદિર ખાતે ૭૩મા વન મહોત્સવની ઉજવણી

અમદાવાદ,

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આયોજિત ૭૩મા વન મહોત્સવમાં ઉપસ્થિત રહેલા પૂર્વ ગૃહરાજ્ય મંત્રી અને વટવા વિધાનસભાના ધારાસભ્ય શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, જો આજે આપણે પ્રકૃતિનું જતન કરવાનું ચૂકી ગયા તો આવનારી પેઢી આપણને ક્યારેય માફ નહીં કરે. તેમ તેમણે જણાવ્યું હતું. આજે સરકારના પ્રયત્નોથી વસ્ત્રાલ વિસ્તારમાં ૩૨ વિઘા જેટલા વિસ્તારમાં પથરાયેલું જડેશ્વર વન માત્ર વસ્ત્રાલ જ નહીં સમગ્ર પૂર્વ અમદાવાદ માટે ઓક્સિજન પાર્ક ઉપરાંત આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આપણી આસપાસ વૃક્ષોનું પ્રમાણ જળવાય રહે તે આપણા સૌની જવાબદારી છે. તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લિખિત પ્રકૃતિ જતન વિષયક પુસ્તકનું સ્મરણ કરતા તેઓએ જણાવ્યું કે, શ્રી નરેન્દ્રભાઈએ પ્રકૃતિના જતન તરફ આગળ વધતા આવા વનમહોત્સવની ઉજવણીને વિશાળ સ્વરૂપ આપ્યું હતું. આજે ભૂપેન્દ્રભાઈની આગેવાનીમાં પ્રાકૃતિક ખેતી અને પર્યાવરણ સુધારણા ઝુંબેશ થકી આપણે પ્રકૃતિના જતન તરફ આગળ વધી રહ્યા છીએ.૭૩મા વન મહોત્સવની રાજયવ્યાપી ઉજવણી અંતર્ગત અમદાવાદના અમદાવાદના ઓઢવ સ્થિત પર્યાવરણ મંદિર ખાતે ઉજવણી અને વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. જેમાં શ્રી પ્રદિપસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતુ કે, આપણી સંસ્કૃતિમાં પ્રકૃતિનું જતન કરવું એ આપણો આદર્શ ગણાવવામાં આવ્યો છે. વટસાવિત્રી સહિતના તહેવારો પણ પ્રકૃતિ જતનનો સંદેશ આપે છે. માણસના જન્મથી લઈને મૃત્યુ સુધીના જીવનના દરેક તબક્કામાં માણસ વૃક્ષો અને વૃક્ષોથી ઉત્પાદિત થતી વસ્તુઓ પર નિર્ભર રહે છે.

### હર ઘર તિરંગા' કાર્યક્રમ અંતર્ગત

# નાગરિકો તિરંગા સાથેની સેલ્ફી લઈ વેબસાઈટ ઉપર અપલોડ કરી શકશે

'હર ઘર તિરંગા' કાર્યક્રમ અંતર્ગત નાગરિકો તિરંગા સાથેની સેલ્ફી https://harghartiranga.com વેબસાઈટ પર અપલોડ કરી ઉજવણીમાં સહભાગી થઈ શકશે તેમ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર કેન્દ્ર સરકાર દ્વારા "આઝાદી કા અમૃત મહોત્સવ"ની ઉજવણી અંતર્ગત તા.૧૩ થી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ દરમ્યાન "હર ઘર તિરંગા' કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત રાજયના તમામ ઘર, દુકાન, ઉદ્યોગ-વેપાર ગૃહ, સરકારી અને ખાનગી કચેરી સહિતના તમામ સ્થળોએ રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવશે.

દેશના નાગરિકો "હર ઘર તિરંગા' કાર્યક્રમમાં ઉત્સાહભેર સહભાગી થાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા દેશની જુદી-જુદી ૧૨ ભાષા સાથે હર ઘર તિરંગા નામની વેબસાઈટ તૈયાર કરાઇ છે. તેમાં નાગરિકો તિરંગા સાથેની સેલ્ફી અપલોડ કરી શકશે. આ વેબસાઈટ પર સેલ્ફી અપલોડ કરવા માટે સૌ પ્રથમ ઈન્ટરનેટ બ્રાઉઝર પર https://harghartiranga.com લખવાથી વેબસાઈટ ઓપન થશે. ત્યારબાદ તેમાં આપવામાં આવેલ કોલમમાં પોતાનું નામ અને લોકેશન ઉમેરતા તેમના નામનું પ્રમાણપત્ર જનરેટ થશે. ત્યારબાદ અપલોડ સેલ્ફી વીથ ફ્લેગ પર ક્લીક કરવાથી

**દેશના નાગરિકો "હર ઘર તિરંગા' કાર્યક્રમમાં ઉત્સાહભેર સહભાગી થાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા દેશની જુદી-જુદી ૧૨ ભાષા સાથે હર ઘર તિરંગા નામની વેબસાઈટ તૈયાર કરાઈ છે.**

પોતાનું નામ અને તિરંગા સાથે ક્લીક કરેલ સેલ્ફી અપલોડ કરી શકાશે. આ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ વેબસાઈટ પર પોતાના નામ સાથેનો ફોટો અપલોડ થયેલો જોઈ શકાશે.

રાજયના તમામ નાગરિકો આ વેબસાઈટની મુલાકાત લઈ દેશની આન, બાન અને શાન સમા તિરંગા સાથેની સેલ્ફી અપલોડ કરી રાષ્ટ્રીયકક્ષાની ઉજવણીમાં સહભાગી થાય તેવી કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા અપીલ કરવામાં આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.